RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૫ — મંગળવાર તા.૦૧-૦૯-૨૦૨૬ — અંક : ૨૦૮ વર્ષ : ૨૧ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮


# SCO સમિટમાં PM મોદીની આતંકવાદ પર કડક ચેતવણી

### શાહબાઝ શરીફ અને શી જિનપિંગ સહિત વિશ્વના નેતાઓની હાજરીમાં પીએમ મોદીએ કહ્યું આતંકવાદ સામે કોઈ બેવડા ધોરણો ન હોઈ શકે



બિશકેક,

કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં આયોજિત ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (જીર્ઝ) સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ સામે કડક વલણ અપનાવ્યું છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ સહિત વિશ્વના અગ્રણી નેતાઓની હાજરીમાં પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું કે, 'આતંકવાદ સામે કોઈ બેવડા ધોરણો ન હોઈ શકે. આતંકવાદનો સફાયો કરવા માટે સમગ્ર ઈકોસિસ્ટમને નષ્ટ કરવી ખૂબ જ જરૂરી છે.'

રાઉન્ડટેબલ ચર્ચા દરમિયાન પીએમ મોદીએ પાકિસ્તાન તરફ ઈશારો કરતા કહ્યું કે, 'જે દેશો આતંકવાદને પોતાની નીતિના શસ્ત્ર તરીકે વાપરે છે અને આતંકવાદીઓને આશ્રય કે મદદ આપે છે, તેમને સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ. આતંકવાદ ક્યારેય કોઈ દેશ માટે વ્યૂહાત્મક સંપત્તિ હોઈ શકે નહી.'

વૈશ્વિક સુરક્ષા પર વાત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, 'આજની ડિજિટલ અને જોડાયેલી દુનિયામાં સુરક્ષાની સીમાઓ વિસ્તરી છે. પશ્ચિમ એશિયાનો સંઘર્ષ દર્શાવે છે કે કોઈ એક વિસ્તારની હિંસા સમગ્ર વિશ્વની ઊર્જા સુરક્ષા, દરિયાઈ વેપાર અને સપ્લાય ચેઈનને અસર કરે છે અને તેનો સૌથી મોટો ફટકો ગ્લોબલ સાઉથના દેશોએ ભોગવવો પડે છે.'

પીએમ મોદીએ યુવા ધન અને ક્ષેત્રીય સુરક્ષા માટે ડ્રગ્સના દૂષણને મોટો ખતરો ગણાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે, 'નશાકારક પદાર્થોની તસ્કરી માત્ર એક ગુનો નથી, પરંતુ આપણી નવી પેઢીના ભવિષ્ય માટે ચિંતાજનક બાબત છે. જીર્ઝ દ્વારા સંગઠિત અપરાધ, સાયબર સુરક્ષા અને ડ્રગ્સ કંટ્રોલ માટે જે કેન્દ્રો ઊભા કરાઈ રહ્યા છે તે સરાહનીય છે અને તેને વધુ સક્રિય બનાવવાની જરૂર છે.'

દેશો વચ્ચેના કનેક્ટિવિટીના મુદ્દા પર વાત કરતા પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે, 'ભારત વેપાર અને વિકાસના નવા રસ્તાઓનું સમર્થન કરે છે. જોકે, આવી કોઈ પણ પહેલ કરતી વખતે તમામ દેશોની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરવું અનિવાર્ય છે, જે જીર્ઝના ચાર્ટરનો મુખ્ય આત્મા છે. ભવિષ્યમાં માત્ર રસ્તા કે રેલવે જ નહી, પરંતુ ડિજિટલ પ્રોસેસ અને કસ્ટમ્સને સરળ બનાવીને કનેક્ટિવિટી વધારવી જોઈએ.'

### SCOમાં PM મોદીની મુખ્ય વાતો



આતંકવાદને જડમૂળથી ખતમ કરવો જરૂરી, માત્ર આતંકવાદીઓને પકડવા કે મારવા પૂરતું નથી. તેમને પૈસા કોણ આપે છે, ભરતી કેવી રીતે થાય છે અને ક્યાં છુપાય છે, આ આખા નેટવર્કને ખતમ કરવું પડશે. આતંકવાદ મામલે બધા દેશોને એકસાથે રહેવા અપીલ કરી કેટલાક દેશો માટે આતંકવાદ ખોટો અને કેટલાક માટે સાચો ન હોઈ શકે. બધાએ આતંકવાદ વિરુદ્ધ એકસરખી કડક નીતિ અપનાવવી પડશે.પશ્ચિમ એશિયામાં યુદ્ધની અસર દૂર દૂર સુધી પહોંચે છે. દેશો વચ્ચે વિવાદ થાય ત્યારે યુદ્ધ કરવાને બદલે વાતચીત અને કૂટનીતિથી રસ્તો કાઢવો જોઈએ આ ઉપરાંત મોદીએ કહ્યું કે ભારત માટે જીર્ઝ અલગ-અલગ દેશોની સભ્યતા, સંસ્કૃતિ અને વિચારોને જોડનારું મંચ પણ છે.

## ૯ કિલો કોમર્શિયલ સિલિન્ડરમાં ૯.૫૦નો વધારો

### ૧૪.૨ કિલોવાળા ઘરેલુ રાંધણગેસના ભાવમાં ફેરફાર નહિ

નવીદિલ્હી,

આજથી નવા મહિનાની શરૂઆત સાથે જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરના ભાવમાં સુધારો કરવામાં આવ્યો છે. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી દેશભરમાં ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો ઝીંકાયો છે. જોકે, સામાન્ય પરિવારો અને ગૃહિણીઓ માટે રાહતના સમાચાર એ છે કે ૧૪.૨ કિલોવાળા ઘરેલુ રાંધણગેસના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જાહેર કરાયેલા નવા દરો મુજબ, ૧૯ કિલોગ્રામ ધરાવતા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ?૯.૫૦ પ્રતિ સિલિન્ડર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. રેસ્ટોરન્ટ, હોટેલ અને નાના વેપારીઓ માટે આ વધારાને કારણે સંચાલન ખર્ચમાં સામાન્ય વધારો



જોવા મળી શકે છે.

## મુંબઈમાં તબેલાના દૂધમાં ૧ લિટરે રૂ.૯નો વધારો

### ૯૩ રૂપિયે પ્રતિ લિટરે મળતું દૂધ હવે રૂ.૧૦૨ ના ભાવથી મળશે, રસોડાના બજેટ પર મોંઘવારીનો મોટો ફટકો

મુંબઈ,

મુંબઈમાં તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં જ નાગરિકોના રસોડાના બજેટ પર મોંઘવારીનો મોટો ફટકો પડ્યો છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી મુંબઈમાં તબેલાના દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૯ નો વધારો ઝીંકાયો છે. આ ભાવવધારા બાદ રૂ. ૯૩ પ્રતિ લિટરે મળતું દૂધ હવે રૂ. ૧૦૨ પ્રતિ લિટર મળશે. આ નવી કિંમતો ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. તહેવારો દરમિયાન ઘરોમાં દૂધનો વપરાશ વધે છે, ત્યારે રોજિંદા દૂધ ખરીદતા હજારો પરિવારો માટે આ





વધારો આર્થિક બોજ સમાન સાબિત થશે.

દૂધ ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી ડેરી કારોબારમાં પડતર કિંમત સતત વધી રહી છે. અનાજ, તવેર, ચણાની દાળ અને પશુ આહારની કિંમતમાં ૨૫% સુધીનો વધારો થતાં ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. આ ઉપરાંત પશુઓની ખરીદી ખર્ચ, ખલી અને અન્ય જરૂરી સાધનો પણ મોંઘા થયા છે. જૂના ભાવે દૂધ વેચવું આર્થિક રીતે અત્યંત મુશ્કેલ બની ગયું હોવાથી ઉત્પાદકોએ સર્વસંમતિથી ભાવવધારાનો નિર્ણય લેવો પડ્યો છે.

રાજ્યભરમાં ૧.૬ લાખ લિટર ભેળસેળ વાળુ દૂધ જપ્તબીજી તરફ, દૂધમાં થતી ભેળસેળ અને બનાવટી (સિંથેટિક) દૂધના નેટવર્ક સામે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (હ્લઢછ) એ મોટા પાયે ઝુંબેશ શરૂ કરી છે. હ્લઢછ કમિશનર તુકારામ મુંઢેના નેતૃત્વમાં દૂધ કલેક્શન સેન્ટરો, ચિલિંગ પ્લાન્ટ્સ અને સ્થાનિક સપ્લાયર્સ પર ત્રાટકીને ૧.૬ લાખ લિટરથી વધુ ભેળસેળ દૂધ અને આશરે રૂ. ૫૦ કરોડની કિંમતનો અસુરક્ષિત ખાદ્ય જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન એવી ગેરકાયદેસર યુનિટ્સ પકડાયું છે. જ્યાં સ્કિમ્ડ મિલ્ક પાવડર, પાણી, ઈમલ્સિફાયર, કાસ્ટિક સોડા અને ઔદ્યોગિક કેમિકલ્સનો ઉપયોગ કરીને ઝેરી સિંથેટિક દૂધ બનાવવામાં આવતું હતું. આ કેસમાં અનેક પ્રોડક્શન યુનિટ્સ સીલ કરીને હ્લૈંઇ દાખલ કરવામાં આવી છે અને આરોપીઓની અટકાયત કરાઈ છે. મહારાષ્ટ્રમાં બિન-ડેરી ઉત્પાદનોના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાની સાથે હ્લઢછ હવે દૂધ પુરવઠાની ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ પણ શરૂ કરી રહ્યું છે, જેથી પુરવઠામાં થતી ગેરરીતિઓ અટકાવી શકાય.

## સરકારે સેમીકંડક્ટર સેક્ટર માટે રૂા. ૧.૨૭ લાખ કરોડ ફાળવ્યા

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે સેમિકોન ૨.૦ પ્રોગ્રામ માટે ૧.૨૭ લાખ કરોડની રકમ ફાળવવાની તૈયારી રાખી છે. આ રકમ સેમીકંડક્ટર વેલ્યુ ચેઈનને પ્રોત્સાહન આપવા અને તેના માટે યોગ્ય કંપનીઓ પાછળ ખર્ચવામાં આવશે. તેમા ૨૦,૦૦૦ કરોડનું લઘુત્તમ રોકાણ ધરાવતી સિલિકોન વેફર ફેબ્સ અને ચિપ ડિઝાઈન માટેની સ્વીટનર કંપનીઓને ૪૦ ટકા ફિસ્કલ સપોર્ટનો સમાવેશ થાય છે.

આમ ભારતે વૈશ્વિક રોકાણકારોની સાથે અત્યાધુનિક ચિપ ડિઝાઈનવાળા સ્ટાર્ટઅપ્સને આકર્ષવા માટેનું અત્યંત મોટું પગલું લીધું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની તેજીમાં સેમી કંડક્ટર્સ વિશ્વસ્તે વૂૅયાહ્તમક સંસાધન તરીકે ઉભરી આવ્યું છે ત્યારે એડવાન્સ્ડ ચિપ્સ અને મેમરી અકલ્પનીય માંગ સર્જાઈ છે. તેની સાથે સપ્લાય ચેઈનના મોરચે શંકાસ્પદ સ્થિતિ અને ભૂરાજકીય તનાવના કારણે વૈશ્વિક કંપનીઓને તેમની સેમીકંડક્ટર ક્ષમતા વિસ્તારવાની અને નિયત ઉત્પાદન કેન્દ્રો પર તેમનું અવલંબન ઘટાડવાની ફરજ પડી છે.

## નેપાળમાં જળપ્રલય બાદ મહામારીનો ખતરો

### ૯૬૨થી વધુ મોત; ૧૭ મૃતદેહો તણાઈને યુપી પહોંચ્યા

કાઠમંડુ,

ચીન-નેપાળ સરહદ નજીક ગ્લેશિયરનો એક મોટો હિસ્સો તૂટી પડતાં સર્જાયેલી કુદરતી હોનારતે નેપાળ અને તિબ્બતમાં ભારે તબાહી મચાવી છે. અચાનક વિપુલ પ્રમાણમાં પાણી, ખડકો અને કાટમાળ નીચે તરફ ધસી આવતા અનેક ગામડાઓ તથા શહેરો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ ભયાનક પૂર અને ભેખડો ધસી પડવાને કારણે કેટલાક ગામો તણાઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો કાટમાળ નીચે દબાઈ ગયા છે. ત્યારે હવે પૂર પ્રકોપ બાદ મહામારીની દહેશત વ્યક્ત કરાઈ રહી છે.



રાહત અને બચાવ કાર્ય બીજા અઠવાડિયામાં પ્રવેશવાની સાથે જ નવી વિકટ સમસ્યાઓ સામે આવી રહી છે. આ હોનારતમાં અત્યાર સુધીમાં ૯૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે ૪૪૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. પૂરના આ પાણી સાથે તણાઈને આવેલી ઓછામાં ઓછી ૧૭ લાશો ભારત સરહદ પાસેથી પણ મળી આવી છે. પૂર અને હોનારતના સાત દિવસ વિતી ગયા બાદ હવે નેપાળના અસરગ્રસ્ત વિસ્તારોમાં મહામારી ફેલાવાનો મોટો ખતરો ઉભો થયો છે. કાટમાળ અને કાદવમાં દબાયેલા મૃતદેહો હવે સડવા લાગ્યા છે અને ચારેય તરફ દુર્ગંધ ફેલાઈ રહી છે. આ સ્થિતિ સ્વચ્છતા અને આરોગ્ય માટે સૌથી મોટો પડકાર બની રહી છે. હવે બચાવ ટુકડીઓ સામે રાહત કામગીરીની સાથે સફાઈ જાળવવાની અને રોગચાળો ફેલાતો અટકાવવાની બેવડી જવાબદારી આવી ગઈ છે.

## દેશમાંથી ૧૩ કરોડ લોકોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બહાર

નવીદિલ્હી,

અત્યાર સુધી દેશના ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રક્રિયા હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ નામ દૂર કરવામાં આવ્યા છે. સોમવારે જાહેર કરવામાં આવેલી ડ્રાફ્ટ યાદી અનુસાર, દિલ્હીમાં મતદારોની સંખ્યામાં ૩૨.૮ ટકા અને મહારાષ્ટ્રમાં ૨૧.૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.

દિલ્હી અને મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, દિલ્હીમાં જીૈંઇ પહેલાં મતદારોની કુલ સંખ્યા આશરે ૧.૪૫ કરોડ હતી, જે હવે ઘટીને ડ્રાફ્ટ યાદીમાં ૯૭.૫૩ લાખ થઈ છે. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં મતદારોની સંખ્યા ૯.૭૮ કરોડથી ઘટીને ૭.૭૧ કરોડ થઈ છે. જીૈંઇના ત્રીજા તબક્કામાં અત્યાર સુધી ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૬.૧૫ કરોડ નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના આંકડા અનુસાર, ૩.૫૬ ટકા મતદારોને મૃત તરીકે ઓળખવામાં આવ્યા હતા.

## અડધા દેશમાં વરસાદની અછત વચ્ચે અનેક જિલ્લાઓમાં દુષ્કાળની દહેશત

### અનેક જિલ્લાઓ કે રાજ્યો એવા છે કે જ્યાં પાણીની અછતને પગલે પાકને ભારે નુકસાનની ભીતિ

નવી દિલ્હી,

ઓગસ્ટ મહિનામાં ત્રણ વર્ષનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઓગસ્ટમાં સામાન્ય કરતા ૧૬ ટકા ઓછો વરસાદ પડયો છે. સપ્ટેમ્બર મહિનામાં પણ સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની શક્યતાઓ છે, એટલે કે ૯૧ ટકાથી પણ ઓછો વરસાદ પડી શકે છે. ઓછા વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. અનેક જિલ્લાઓ કે રાજ્યો એવા છે કે જ્યાં પાણીની અછતને પગલે પાકને ભારે નુકસાનની ભીતિ છે.

ભારતમાં ૫૦ ટકા જેટલી ખેતીની જમીન વરસાદના પાણી પર નિર્ભર છે, જુનથી સપ્ટેમ્બર સુધીનો વરસાદ ખેતી માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જુલાઇ મહિનામાં થોડો સારો વરસાદ પડયો હતો જોકે ઓગસ્ટ મહિનામાં નિરાશા હાથ લાગી હતી. અલ નીનોને કારણે સપ્ટેમ્બર મહિનો સામાન્ય કરતા ગરમ રહેવાની શક્યતાઓ છે. જેને પગલે હાલ જે પાક ઉભો છે તેને પાણી વગર નુકસાન થવાની શક્યતાઓ છે. જે વિસ્તારમાં સિંચાઇની સુવિધા નથી ત્યાં ખેડૂતોને ભારે નુકસાનની ભીતિ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ જુનથી ઓગસ્ટ સુધી ૧૩ ટકા વરસાદની અછત નોંધાઇ છે. ઓગસ્ટ મહિનામાં ૧૬.૩ ટકા અછત નોંધાઇ છે. ૩૧મી ઓગસ્ટ સુધીમાં દેશના લગભગ ૩૫૦ જિલ્લાઓમાં વરસાદની અછત છે, એટલે કે દેશના ૪૭ ટકા વિસ્તારમાં દુષ્કાળની ભીતિ છે જેને પગલે મોંઘવારી પણ વધવાની શક્યતાઓ છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે અલ નીનોની અસર ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં જ ઓછી થવાની શક્યતાઓ છે. ઓગસ્ટ મહિનામાં પણ અલ નીનોની માઠી અસર રહી જેને પગલે ૧૯૦૧ પછી સૌથી વધુ ૨૮.૧ ડિગ્રી તાપમાન રહ્યું.

## વડાપ્રધાન મોદી અને પુતિન વચ્ચે બેઠક યુક્રેન યુદ્ધના અંત માટે શાંતિની અપીલ

### બિશ્કેકમાં યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં વૈશ્વિક શાંતિ, આર્થિક ભાગીદારી સહીત સંબંધો ચર્ચા કરાઈ

બિસ્કેક,

કિર્ગિસ્તાનના પાટનગર બિશ્કેકમાં આયોજિત ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન વૈશ્વિક શાંતિ, રશિયા-યુક્રેન યુદ્ધ, આર્થિક ભાગીદારી અને સાંસ્કૃતિક સંબંધો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

દ્વિપક્ષીય વાર્તાની શરૂઆતમાં જ વડાપ્રધાન મોદીએ યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, મારા મિત્ર, આપને મળીને મને અત્યંત



આનંદ થઈ રહ્યો છે. ગયા વર્ષે આપની ભારત યાત્રા ખૂબ જ સફળ અને યાદગાર રહી હતી. ખાસ કરીને રશિયાના વ્યાવસાયિક જગતને લઈને આપ ભારત આવ્યા હતા. આર્થિક સંબંધોને નવી ઊંચાઈ અને વધુ વિસ્તાર આપવાનું કામ પણ આપણી ચર્ચામાં થયું હતું. મને ખુશી છે કે આપણી ચર્ચાનું જે પરિણામ આવ્યું છે તેને અમલમાં મૂકવા માટે આપણી બંને ટીમો સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે. યુક્રેનના વિષય પર પણ આપણે સતત ચર્ચા કરતા રહ્યા છીએ. ભારત શાંતિના તમામ પ્રયાસોનું સમર્થન કરે છે અને ભવિષ્યમાં પણ કરતું રહેશે. યુદ્ધમાં વિતાવેલો એક-એક દિવસ માનવતાને પાછળ ધકેલે છે અને શાંતિ તરફ આગળ વધેલું એક-એક પગલું નવી આશા અને ઉમંગ ભરી દે છે. ગાંધી અને બુદ્ધની ધરતીનો એક જ સંદેશ છે - શાંતિનો માર્ગ.પીએમ મોદીએ નવી દિલ્હીમાં યોજાનારી આગામી બ્રિક્સ સમિટ માટે પ્રમુખ પુતિનને આમંત્રણ આપતાં જણાવ્યું કે સમગ્ર ભારત તેમનું સ્વાગત કરવા આતુર છે.

# જામનગરના ઈતિહાસમાં પ્રથમ વખત ભવ્ય યુથ ટીમ ડિબેટ કોમ્પિટીશન સંપન્ન







## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધના ભવન ટ્રસ્ટ સંચાલિત ઉપાશ્રયમાં : મુનિ પદ્મવિજયજી મ.સા. તથા મુનિ શ્રી દેવર્ષિવલ્લભવિજયજી મ.સા.ની નિશ્રામાં આયોજન

જામનગર : જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધના ભવન ટ્રસ્ટ સંચાલિત આરાધના ભવન (શ્રાવક)માં ચાલુ વર્ષે ચાતુર્માસમાં બિરાજમાન આચાર્યસમ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના સમુદાયવર્તી મુનિ શ્રી પદ્મવિજયજી મ.સા. તથા આજીવન આયંબિલના ભેખધારી આચાર્ય ભગવંત શ્રી હેમવલ્લભવિજયજી મ.સા.ના શિષ્યરત્ન મુનિ શ્રી દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. દ્વારા પટેલ કોલોની સંઘમાં પ્રથમ વખત યુવાનોને તૈયાર કરી યુથ ટીમ ડિબેટ કોમ્પિટીશન જામનગરના ઈતિહાસમાં આવી ડિબેટ પ્રથમ વખત યોજાઈ હતી. આરાધના ભવન ઉપાશ્રયનો હોલ ભાઈઓ, બહેનો તથા બાળકોથી ખચો-ખચ ભરાઈ ગયો હતો.

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધના ભવન ટ્રસ્ટ સંચાલિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય આવેલ છે. આ પેઢી સંચાલિત આરાધના ભવનમાં ગત રવિવાર તા. ૩૦-૮-૨૦૨૬ના સવારે ૯:૧૫ વાગ્યાથી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મુનિ શ્રી દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. દ્વારા યુવાઓને તૈયાર કરી યુથ ટીમ ડિબેટ કોમ્પિટીશનનું આયોજન કરાયું હતું. જે ડિબેટમાં પાંચ ટોપીક જેમાં (૧) ઈન્ડિયા વિરુધ્ધ એબ્રોડ, (૨) જાઈન્ટ ફેમિલી વિરુધ્ધ ડિવાઈડેડ ફેમિલી, (૩) જાબ વિરુધ્ધ બિઝનેસ, (૪) ઝેન-જી વિરુધ્ધ મિલેનિયલ અને (૫) સ્ટડી વિરુધ્ધ એક્સ્ટ્રા ક્લચરલ એક્ટિવીટી હતાં.

આ કોમ્પિટીશનમાં સંઘના યુવાનો-યુવતિઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ જાબ વિરુધ્ધ બિઝનેસની ડિબેટ યોજાઈ હતી. જેમાં યુવાનોએ સામ-સામા નોકરી અને ધંધાના ફાયદા પોતાની આગવી છટામાં રજૂ કર્યા હતાં. ઝેન-જી વિરુધ્ધ મિલેનિયમમાં યુવતિઓ તથા બહેનોએ સામ-સામે સવાલ-જવાબ કર્યા હતાં. યુવતિ (ઝેન-જી)એ હાલની ટેકનોલોજીના જમાનામાં કોઈથી દબાઈને નહીં રહેવાનું જણાવ્યું હતું. સામે બહેનોએ સહનશિલતા, ધાર્મિક, ભારતીય સંસ્કૃત્તિની મર્યાદામાં રહેવાનું કહ્યું હતું.

ઈન્ડિયા વિરુધ્ધ એબ્રોડ (વિદેશ)ની ટીમમાં સામ-સામે કાઉન્ટર કર્યા હતાં. જેમાં એબ્રોડની ટીમે કહ્યું કે, વિદેશમાં ભણતર, નોકરીની તકો વધારે છે તથા સ્વચ્છતા પણ છે. જ્યારે ભારતમાં આ ખામી છે. જેના કાઉન્ટરમાં ઈન્ડિયાની ટીમે એક ગીતની પંક્તિથી શરુઆત કરી હતી કે, જબ ઝિરો દિયા મેરે ભારતને, ભારતને મેરે ભારતને, દુનિયા કો તબ ગિનતી આઈ, તારો કી ભાષા ભારતને દુનિયાકો પહેલે દિખાઈ, દેતા ન દશમલો ભારત તો ચાંદ પે જાના મુશ્કીલ થા, ધરતી ઔર ચાંદકી દૂરીકા અંદાજ લગાના મુશ્કીલ થા... આ પંક્તિ બોલી યુવાને કહ્યું કે, આ પંક્તિમાં ભારત શું? છે તે બધુ આવી જાય છે, ભારત ના હોત તો દુનિયા પણ ના હોત! આ રીતે આગવી છટામાં કાઉન્ટર કરી ઉપાશ્રય હોલમાં ઉપસ્થિત સૌ કોઈએ તાલીઓથી વધાવી લીધા હતાં. ત્યારબાદ સ્ટડી વિરુધ્ધ એક્સ્ટ્ર કલ્ચર એક્ટિવીટીની યુવતિઓ તથા બહેનોએ પોત-પોતાનો મત રાખી સામ-સામે કાઉન્ટર કર્યા હતાં. અંતમાં જાઈન્ટ ફેમિલી વિરુધ્ધ ડિવાઈડેડ ફેમિલીના યુવાનોએ પણ જારદાર ટક્કર આપી હતી.

અંતમાં મહારાજશ્રીએ ભાગ લેનાર સૌને બિરદાવ્યા હતાં તથા ભાગ લેનારોને તેની ખામીઓ પણ જણાવી સુધારવાની શીખ આપી હતી. ડિબેટના અંતે જજ તરીકે પધારેલા સૌ મહાનુભાવોએ પોતાના મંતવ્યો રજૂ કરી ભાગ લેનારનો ઉત્સાહ વધાર્યો હતો. આ રીતે ધર્મની સાથે-સાથે ચાલુકાળમાં આજના યુવાનો-યુવતિઓ, ભાઈઓ-બહેનોએ કઈ રીતે સમાજમાં રહેવુ? કઈ રીતે સગા-સંબંધીઓ સાથે વ્યવહાર કરવો? તેની શીખ આપી હતી.

આ ડિબેટમાં મુખ્ય મહેમાન તરીકે બીનાબેન કોઠારી (જામનગર ભાજપ શહેર પ્રમુખ), ભરતભાઈ પટેલ (બિલ્ડર), સીએ વી.પી. મહેતા હતાં તથા ડિબેટના જજ તરીકે ડો. ભરતેશભાઈ શાહ (પીએચડી), પરેશભાઈ પારેખ (એન્જિનિયર) તથા ડો. રાજેશભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતાં.

## આઈ શ્રી મરછો મિત્ર મંડળ દ્વારા ૨૧મા વરસે

# ધ્રોલના ગાંધીચોકમાં જન્માષ્ટમીની ઉજવણીનું ભવ્ય આયોજન

### ડીજેના સથવારે રાસ-ગરબા, મટકી ફોડ, જન્મોત્સવ કેક કટિંગ અને આકાશી આતશબાજીની રમઝટ બોલાવાશે





ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ ગામની પાવન ધરા માથે દર વરસની જેમ આ વરસે પણ જગતના પાલનહાર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય પર્વની વધામણાં કરવા માટે ગામ આખું હિલોળે ચડ્યું છે. ધ્રોલના જાણીતા ગાંધી ચોક ખાતે દર વરસની રૂડી પરંપરા મુજબ આઈ શ્રી મરછો મિત્ર મંડળ દ્વારા સતત ૨૧મા વરસે જન્માષ્ટમીનો એવો રૂડો અને ભવ્ય ઉત્સવ રાખ્યો છે કે આખું ધ્રોલ ગોકુળિયું બની ગયું હોય એવો રંગ જામ્યો છે. ૨૧મા વરસના આ રૂડા અવસરે સમગ્ર ધ્રોલ પંથક અને આજુબાજુના ગામડાંઓમાં ભારે હરખ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ પાવન અવસરે ગાંધીચોકમાં બાબા બરફાની અમરનાથ સ્વરૂપની પ્રતિકૃતિ સામે હજારો દીવડાંના અજવાળે દિવ્ય મહાઆરતી ઉતારવામાં આવશે. ગામના જુવાનિયાઓ જોશભેર ગોવિંદા બનીને મટકી ફોડની રમઝટ બોલાવશે અને ધબકતા ડીજેના તાલે ભગવાન શ્રી કૃષ્ણ ગીતો પર આખું ગામ રાસ-ગરબે ઘૂમશે. બરાબર રાત્રીના ૧૨ના ટકોરે લાલાનો જનમ થાશે ત્યારે "હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી" અને "નંદ ઘેર આનંદ ભયો"ના ગગનભેદી જયકારા સાથે ભવ્ય કેક કાપીને વધામણાં કરાશે, અને ઈ જ વખતે આકાશમાં રંગબેરંગી ફટાકડાની જોરદાર આતશબાજીથી આખું આભ ઝળહળી ઊઠશે.

આ રૂડા ઉત્સવને દીપાવવા માટે સી. એમ. વરૂ, સીધાભાઈ વરૂ, જયેશભાઈ વરૂ તેમજ જન્માષ્ટમી મહોત્સવ સમિતિ-ધ્રોલના તમામ ભાઈઓ અને જુવાનિયાઓ ખડેપગે રહીને રાત-દી એક કરીને તૈયારીઓમાં લાગી ગયા છે.

આઈ શ્રી મરછો મિત્ર મંડળ વતી ધ્રોલ ગામ તથા આજુબાજુના તમામ સીમ-ગોંદરાના ભાઈઓ, બહેનો, વડીલો અને જુવાનોને સહપરિવાર પધારી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનો રૂડો લ્હાવો લેવા માટે જાહેર જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રાવણ માસના સોમવારે સલાયામાં શિવ મંદિરોમાં શ્રૃંગાર દર્શન



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયામાં આવેલ પ્રસિદ્ધ મહાદેવના મંદિરોમાં શ્રાવણ માસના સોમવારે વિવિધ શ્રૃંગારના દર્શનનું આયોજન કરાયું હતું. જેમાં તળાવની પાળ પાસે બિરાજતા સ્વયંભૂ પાળેશ્વર મહાદેવ મંદિરે મહાકાલ સ્વરૂપના દર્શન તેમજ ભસ્મ આરતીનું ભવ્ય આયોજન મહંત પ્રવિણગિરિ ગૌસ્વામીએ કર્યું હતું. તેમજ સલાયાના પ્રાચીન ટીંબે આવેલ એવા નીલકંઠ મહાદેવ મંદિરે પણ વિવિધ કઠોળ અને ધાન્યથી શ્રૃંગાર કરી અને સુંદર દર્શનનું આયોજન ત્યાંના મહંત અશોકગીરી ગૌસ્વામી પરિવાર દ્વારા કરાયું હતું.તેમજ સલાયાના ગામમાં મધ્યે આવેલ ગોળ તળાવ પાસેના જળેશ્વર મહાદેવ મંદિરે પણ સુંદર કેદારનાથ ધામ જેવા મંદિરના ફ્લોટ્સ બનાવી અને સુંદર દર્શનનું આયોજન ત્યાંના પૂજારી શ્રી રવિ બાપુએ કર્યું હતું.આમ સમગ્ર સલાયા ગામ શ્રાવણ માસના સોમવારે મહાદેવની ભક્તિમાં રંગાયું હતું. ત્રણેય મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી.મોટી સંખ્યામાં લોકોએ દર્શન તેમજ આરતીનો લાભ લીધો હતો.

# ધ્રોલમાં આવતીકાલે યુનિટી પ્લસ હોસ્પિટલ દ્વારા બાળકો માટે નિ:શુલ્ક નિદાન કેમ્પ

ધ્રોલ : ધ્રોલમાં ડૉ. હિરાણી યુનિટી પ્લસ હોસ્પિટલ દ્વારા આવતીકાલે તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૧૨ થી ૧:૩૦ વાગ્યા દરમિયાન એક વિશેષ નિ:શુલ્ક બાળરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, તેમજ આ સેવા દર બુધવાર અને શનિવારે બપોરે ૧૨:૩૦ થી ૧:૩૦ વાગ્યા દરમિયાન પણ નિયમિત ચાલુ રહેશે.

આ કેમ્પમાં જાણીતા બાળરોગ નિષ્ણાંત ડૉ. વત્સલ વ્યાસ સેવા આપશે, જેમાં બાળકોમાં જોવા મળતી સામાન્ય બીમારીઓ જેવી કે તાવ, શરદી, ઉધરસ, ઉલટી, ઝાડા, ચામડીના રોગ, એલર્જી ઉપરાંત દમ, ન્યુમોનિયા, બ્રોન્કાઈટિસ જેવી શ્વાસ સંબંધિત તકલીફો તેમજ પાચનતંત્રની સમસ્યાઓ, ભૂખ ન લાગવી, પેટમાં દુખાવો અને કબજિયાતનું નિ:શુલ્ક નિદાન કરવામાં આવશે. આ સાથે બાળકના વજન, ઊંચાઈ, શારીરિક વિકાસ, પોષણ, જન્મથી જરૂરી તમામ રોગપ્રતિકારક રસીકરણ, બાળકની સંભાળ અને સ્તનપાન બાબતે વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેમ્પ યુનિટી પ્લસ ક્લિનિક, પંચવટી સોસાયટી, રાજકોટ હાઈવે, ધ્રોલ ખાતે યોજાશે, જેથી લાભ લેવા ઈચ્છુક વાલીઓને મોબાઈલ નંબર ૮૮૬૬૮૮૩૬૩૧ પર સંપર્ક કરી એપોઈન્ટમેન્ટ મેળવી લેવા અને બહોળી સંખ્યામાં લાભ લેવા અપીલ કરવામાં આવી છે.


**જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ**

ડો. હેડગેવાર કોમર્શીયલ કોમ્પલેક્ષ, સાત રસ્તા સર્કલ, જામનગર

ફોન નં. ૦૨૮૮-૨૫૫૩૦૫૪

**જાહેર નિવિદા નં. ૧ ઓફ ૨૦૨૬-૨૭**

સરકારશ્રીમાં નોંધણી પામેલ કલાસ 'એએ' અને સ્પેશિયલ રોડ કેટેગરી 'I' શ્રેણીમાં રજીસ્ટર્ડ અને આવા પ્રકારનાં કામનાં અનુભવી કોન્ટ્રાકટરો પાસેથી નીચે દર્શાવેલા કામ માટે ઓનલાઈન ટેન્ડરોથી ભાવો માંગવામાં આવે છે. આ કામોનાં ટેન્ડરની વિગતો વેબસાઈટ: www.tender.nprocure.com પર તા.૦૧/૦૯/૨૦૨૬ થી જોવા મળી શકશે તથા પ્રાઈસ બીડ/ટેન્ડર ઓનલાઈન ભરવાની રહેશે.

| ક્રમ | કામનું નામ | ૧. કામની અંદાજીત રકમ<br>૨. ટેન્ડર ફી<br>૩. ઈ.એમ.ડી.<br>૪. કામની સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | જામનગર-ખંભાળીયા હાઈ-વે થી ગ્લોબલ ટ્રેડીશનલ મેડીસીન સેન્ટર સુધીના એપ્રોચ રસ્તા પર રોડ ડેવલોપમેન્ટ તથા સી.સી. રોડ બનાવવાની કામગીરી | ૧.રૂા.૧૩,૭૨,૪૫,૧૩૪ + GST<br>૨.રૂા.૧૮,૦૦૦/-(નોન-રીફન્ડેબલ)<br>૩.રૂા. ૧૩,૭૨,૦૦૦/-<br>૪.૪૫ દિવસ |

સૂચના:-

૧)EMD તથા ટેન્ડર ફી ભર્યા વગરનાં તથા શરતી અથવા અધુરી વિગતો વાળા ટેન્ડરો રિજેકટ કરવામાં આવશે અને તેવા ટેન્ડરો ખોલવામાં આવશે નહી તથા માન્ય રાખવામાં આવશે નહી.

૨)EMD અને ટેન્ડર ફી ડી.ડી. થી જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ, જામનગરના નામે ભરવાના રહેશે.

૩)ઈ.એમ.ડી. એકઝમ્પશન સર્ટીફીકેટ અથવા ઈ.એમ.ડી. માટે બેંક ગેરેન્ટી માન્ય રાખવામાં આવતી નથી.

૪)ટેન્ડર નોટીસમાં જણાવેલ માન્ય શ્રેણીમાં નોંધાયેલા અને તકનીકી રીતે લાયક થાય તેવા જ કોન્ટ્રાકટરોનાં જ ટેન્ડર/ પ્રાઈઝબીડ ખોલવામાં આવશે.

૫) ટેન્ડર અંગેની બાકી રહેતી સંપૂર્ણ વિગતો www.tender.nprocure.comમાં જોઈ શકાશે. ઉપરોકત ટેન્ડર બાબતે જરૂર પડયે કોઈપણ સુધારો કરવાની જરૂર પડશે તો તેવા સુધારો ફકત www.tender.nprocure.com ઉપર દર્શાવવામાં આવશે.

૬)કોઈપણ ટેન્ડર સ્વીકારવુ કે ન સ્વીકારવુ તે અંગેની સંપૂર્ણ સતા આ સતામંડળની અબાધિત રહેશે અને તેના માટે કોઈપણ કારણો / ખુલાસો આપવા 'જાડા' બંધાયેલ નથી.

મુખ્ય કારોબારી અધિકારી
જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ,
જામનગર

માહિતી-જામ.-વ.જા.ખ./૪૧૩/૨૦૨૬


## જાહેર નોટીશ

આથી તમામ વાહન માલિકો,વીમા કંપની/ફાઇનાન્સ કંપની/જાહેર જનતા વિગેરેનાઓને જાણાવવાનુ કે અત્રે જામનગર સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બીનવારસુ હાલતના નીચે પત્રકમા જણાવેલ રજીસ્ટ્રેશન નંબરવાળા વાહનો જી.પી.એકટ ૮૨(૨) મુજબ કબ્જે કરવામા આવેલ વાહનોના વાહનમાલિકોને અવારનવાર લેખિત જાણ કરવામા આવેલ હોવા છતા પણ વાહન છોડાવવા અંગેની વાહન માલિકો તરફથી આજદીન સુધી કોઇ કાર્યવાહી કરેલ નથી. જેથી સદર જાહેર નોટિશ પ્રસિધ્ધ થયેથી દિન ૦૭ મા વાહન છોડાવવા અંગેની કાર્યવાહી કરવી જો આમ કરવામા આપ કસુર કરશો તો આપનુ વાહન છોડાવવા માંગતા નથી તેમ માનીને સરકારશ્રીના કાયદાકીય જોગવાઇ અનુસાર વાહનોની જાહેર હરાજી કરી હરાજીથી ઉપજેલ નાણાં સરકારશ્રી ખાતે જમા કરાવવામા આવશે તેમજ આ બાબતે આપના તરફથી કોઇ વાંધાજનક હોય તો દિન-૭ મા અત્રે જામનગર સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂમા તેમજ લેખિત રજુઆત કરવી ત્યાર બાદ મળેલ અન્ય કોઇ રજુઆતને ધ્યાને લેવામા આવશે નહી .જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.તા.૩૧/૦૮/૨૦૨૬

| અનુ નં | વાહન રજીસ્ટ્રેશન નંબર/ એન્જીન નં /ચેસીસ નં તથા પ્રકાર | અનુ નં. | વાહન રજીસ્ટ્રેશન નંબર તથા પ્રકાર | અનુ. નં. | વાહન રજીસ્ટ્રેશન નંબર/ એન્જીન નં /ચેસીસ નં તથા પ્રકાર | અનુ. નં. | વાહન મોડલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | TATA ટાવેરા (સિલ્વર) GJ03AQ 8825 | 30 | ટાટા મેજીક સટરિયુ (લાલ) GJ11X0675 | 59 | અતુલ રીક્ષા GJ10X4656 | 88 | અતુલ રીક્ષા GJ10X9495 |
| 2 | ટાટા ઇન્ડિકા (સફેદ)GN 09A2411 | 31 | હુંન્ડાઇ એશેન્ટ (સફેદ) GJ02R6777 | 60 | બજાજ રીક્ષા 3W REPECKUP GOODS CARRIERGJ01 AX4629 | 89 | બજાજ રીક્ષા GJ05TT7155 |
| 3 | CORSA 1.6 (સિલ્વર)GJ 25A0138 | 32 | મારુતી સુજુકી ફંન્ટીGJ10A9494 | 61 | બજાજ રીક્ષા GJ01XX7319 | 90 | બજાજ રીક્ષા GJ01TT2390 |
| 4 | મારુતી સુજુકી (સફેદ) 18BN1475627 | 33 | મારુતી સુજુકી વેગેનાર (ગ્રે) F10BN3101033 | 62 | અતુલ રીક્ષા GJ10TW0073 | 91 | બજાજ રીક્ષા GJ10T1340 |
| 5 | ઇકોન (ગ્રે-કલર)GJ11 S7260 | 34 | મારુતી સુજુકી ફ્ન્ટી (વાદળી) F8BIN1567552 | 63 | બજાજ રીક્ષા | 92 | ટ્રક GJ12GT6847 |
| 6 | અસ્ત્રા 1.6(સફેદ) | 35 | ટાટા મેજીક સડરિયું (સફેદ) GJ 03Ax 8038 | 64 | બજાજ રીક્ષા GTP642 | 93 | મીની બસ GQB2451 |
| 7 | મારુતી સુજુકી(ગ્રે-કલર) | 36 | મારુતી સુજુકી ફ્ન્ટી (સફેદ) GJ 03JK 0292 | 65 | છકડો રીક્ષા GJ03V5166 | 94 | આઇસર ટર્બો નંબર નથી |
| 8 | મારુતી સુજુકી સીફ્ટ | 37 | ટાટા ઇંન્ડિકા વિસ્ચ (કાળી) GJ10Y9676 | 66 | બજાજ રીક્ષા GJ01V0099 | 95 | ટ્રક નંબર નથી |
| 9 | અલ્ટો LX (સફેદ) 3333894 | 38 | મારૂતી સુજુકી ફંટીGJ05A8240 | 67 | છકડો GJ03W6412 | 96 | બસ નંબર નથી |
| 10 | મારુતી સુજુકી ફ્ન્ટી F8BIN593034 | 39 | ટાટા સુમો સફેદGJ1HH979 | 68 | અતુલ રીક્ષા GJ02TT0337 | 97 | ટ્રક નંબર નથી |
| 11 | ફિએટ પન્ટો(સફેદ) GJ03 E1557 | 40 | મારૂતી સુજુકી એરટીમ (સિલ્વર) GJ10BBN191241 | 69 | અતુલ રીક્ષા GJ10V0140 | 98 | ટ્રક નંબર નથી |
| 12 | ટાટા MP28 F1174 | 41 | FOAD TITANIUM GRAY COLOUR GJ10BG5724 | 70 | બજાજ રીક્ષા GJ01AZ2452 | 99 | બસ GJ10V0977 |
| 13 | અલ્ટ્રો XI (સફેદ) મારુતી સુઝુકી | 42 | હુંન્ડાઇ સેંન્ટ્રો (સફેદ) GJ05CH9286 | 71 | બજાજ રીક્ષા GJ07Y7874 | 100 | બસ SWARAJ MAZADAGJ01V 1740 |
| 14 | તુફાન (ગ્રે-કલર)GJ 10W1566 BAJAJ TEMPO LTD | 43 | મારુતી સુજુકી અલ્ટ્રો (સફેદ) GJ12J3598 | 72 | બજાજ રીક્ષા GJT0691 | 101 | મીની બસ GJ10W9616 |
| 15 | મારૂતી સૂઝુકી અલ્ટો XI(સફેદ)GJ 10AP7514 | 44 | મારુતી સુજુકી અલ્ટ્રો (લાલ) GJ11S3947 | 73 | બજાજ રીક્ષા PIAGGIO 3W PICK UPGJ01BZ517 1 | 102 | ટ્રક નંબર નથી |
| 16 | મહિન્દ્રા બોલેરો GA84J33222 | 45 | મારુતી સુજુકી ઓમીGJ04D6050 | 74 | બજાજ રીક્ષા GJ03U3993 | 103 | મહીન્દ્રા નાનો ટ્રક GJ10X8029 |
| 17 | ટાટા ઇંન્ડીગો (સિલ્વર)GJ 10F9983 | 46 | હુન્ડાઇ સેંન્ટ્રો (સિલ્વર) GJ10F4487 | 75 | અતુલ રીક્ષા GJ10W0557 | 104 | બજાજ રીક્ષા GQB1664 |
| 18 | ટાટા ઇંન્ડીકા(ગ્રે-કલર ) 6001426UZP3 9044 | 47 | બોલેરો ચેમ્પરગોલ્ડ (બ્લેક) GJ25U9504 | 76 | બજાજ રીક્ષા BAJAJ3 WRE PASSGJ07W7 655 | 105 | બજાજ રીક્ષા GJ07W4751 |
| 19 | મારુતી સૂજુકી ZEN (સફેદ) F10DN3276068 | 48 | મારુતી સુજુકી અલ્ટ્રો (લાલ) GJ 23A 8054 | 77 | અતુલ રીક્ષા GJ03W0374 | 106 | બજાજ રીક્ષા GJ01XX2123 |
| 20 | હુન્ડાઇ સેંન્ટ્રો (સફેદ) G4HG7M1041 23 | 49 | હુન્ડાઇ સેંન્ટ્રો (સફેદ) G4HD4E12491 | 78 | અતુલ રીક્ષા GJ21T0446 | 107 | બજાજ રીક્ષા GJ05Y4708 |
| 21 | મારુતી સુજુકી જેન (લીલો લર) GJ10B-IN417188HX | 50 | હુન્ડાઇ એસેન્ટ (સફેદ) GJ03DG2109 | 79 | બજાજ રીક્ષા GJ01AX2991 | 108 | બજાજ રીક્ષા GJ03U3795 |
| 22 | મારૂતી સુજુકિ ALTO 800 (લાલ)GJ 05CA5849 | 51 | ઓટ્રો FORDઓરીયન(બ્લેક ) GJ18C0867 | 80 | બજાજ શટલ રીક્ષા GJ09V6612 | 109 | બજાજ રીક્ષા GJ07Z3148 |
| 23 | CIELO DCMDAEWO D (સફેદ) | 52 | મારુતી સુજુકી અલ્ટ્રો (સફેદ) F8BIN1348866 | 81 | બજાજ રીક્ષા GJ07VV2055 | 110 | બજાજ રીક્ષા GJ18T5066 |
| 24 | હુંન્ડાઇ સેંન્ટ્રો (સફેદ)G4 HD 5E91908 | 53 | OMNI MARUTI (સફેદ) GJ10V8751 | 82 | અતુલ રીક્ષા GJ01XX0174 | 111 | અતુલ રીક્ષા GJ07TT3544 |
| 25 | મારુતી સુજુકી જેન (લાલ) G10BIN10102 | 54 | એવરોલેટ ટાવેરા (સફેદ) GJ08X0625 | 83 | છકડો GJ10U9410 | 112 | બજાજ રીક્ષા ATULSHAKTI PASS 3+1 DIESELGJ17U6 189 |
| 26 | હુંન્ડાઇ VERNA (સફેદ) | 55 | અતુલ રીક્ષાGJ03AX4311 | 84 | બજાજ રીક્ષા GJ03U3269 | 113 | બજાજ રીક્ષા GJ23T2937 |
| 27 | મહિન્દ્રા બોલેરો KA 27M1004 | 56 | બજાજ રીક્ષાGJ03AU4475 | 85 | બજાજ રીક્ષા GJ07VW1903 | 114 | બજાજ રીક્ષા GTP500 |
| 28 | ટાવેરા સેવરોલેટ GJ12Z 6002 | 57 | અતુલ છકડો VAIBHAV DIESEL 3WGJ03BT7829 | 86 | બજાજ રીક્ષા GJ01XX0947 | 115 | અતુલ રીક્ષા GJ02Y9642 |
| 29 | સ્કોપીયો-ટરબો (ગ્રે-કલર) | 58 | TVS રીક્ષાGJ18AT6075 | 87 | અતુલ રીક્ષા GJ05TT0478 | | |

તા.૩૧/૦૮/૨૦૨૬

પોલીસ ઇન્સપેકટર
સીટી બી ડીવી પોલીસ સ્ટેશન
જામનગર

માહિતી-જામ.-વ.જા.ખ./૪૧૬/૨૦૨૬

### સાઈબર ક્રાઈમ પોલીસની પ્રાથમિક તપાસઃ સંબંધીતોની પૂછપરછ અને દફતરની ચક્કીસણી જારી

# જામનગરના મુખ્ય ટપાલ કચેરીમાં લાખો રૂપિયાના વ્યવહારોની ગુનાહિત પ્રવૃત્તિ અન્ય કચેરીઓમાં પણ થયાનું સામે આવ્યું

## ટપાલ તંત્રએ મોકલાવેલા દસ્તાવેજોની ચકાસણી અને સંબંધીતોની પૂછપરછના પગલાં કૌભાંડીઓમાં મચી દોડધામ

જામનગર : જામનગરની મુખ્ય ટપાલ કચેરીમાં ૧૦ જેટલા ખાતાઓમાં થયેલા લાખો રૂપિયાના શંકાસ્પદ નાણાંકિય વ્યવહારો મામલે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હાથ ધરાયેલી તપાસના પગલે પ્રાથમિક દ્રષ્ટિએ જ ગુનાઈત પ્રવૃત્તિ થઈ હોવાનું મજબુત તારણ સામે આવી રહ્યું છે. આ પ્રકારના શંકાસ્પદ નાણાંકિય વ્યવહારો શહેરની અન્ય ટપાલ કચેરીમાં પણ થયા છે જે કરનાર પણ એક જ કર્મચારી હોવાનું સામે આવ્યું છે.

શહેરના ચાંદીબજાર સ્થિત ટપાલ કચેરીમાં તંત્રના જ એક કર્મીએ તેના સગા-સંબંધીઓ અને પરિચીતોના ખાતા ખોલાવી ટુંકા સમયગાળામાં જ લાખો રૂપિયાના વ્યવહારો કર્યા હોવાનું અને તે નાણાં સાયબર ફ્રોડના હોવાનું જણાવતી અરજી મળ્યાના પગલે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરીને ટપાલ તંત્ર પાસેથી દસ્તાવેજો સહિતની વિગતો મંગાવી હતી. આ વિગતો મળ્યા પછી પોલીસે સંબંધીતોની પ્રાથમિક પુછપરછ કરવાનું શરૂ કર્યું છે, જેમાં અમુક વ્યક્તિઓ મળી આવી નથી, પરંતુ પોલીસ માની રહી છે કે, આ નાણાંકિય વ્યવહારોમાં ગુનાઈત પ્રવૃત્તિ હોવાની શક્યતા છે.

બીજી તરફ શહેરની મુખ્ય ટપાલ કચેરી ઉપરાંત મેડીકલ કેમ્પસ શાખા તેમજ હવાઈ ચોક શાખામાં પણ આ રીતે જ ટપાલકર્મીએ ખાતાઓમાં નાણાંકિય વ્યવહારો કર્યા છે. જે અંગે પણ આગળ ઉપર તપાસ હાથ ધરાશે તેમ સૂત્રો જણાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બેંગ્લોર પોલીસમાં દોઢેક વર્ષ પહેલાં નોંધાયેલા સાયબર ફ્રોડની તપાસમાં જામનગરની મુખ્ય ટપાલ કચેરીના ખાતાનો ઉપયોગ થયાનું ખુલ્યું હતું. પરંતુ ટપાલ તંત્રએ ખાતાકીય તપાસના નામે સમગ્ર કૌભાંડ પર ઢાંકપીછોડા કરવા માટે મરણ પ્રમાણપત્ર રજુ કરવા સહિતની પ્રવૃત્તિ કરી હતી, જે પણ અત્યારે શંકાના દાયરામાં આવે તેમ છે.

આ કૌભાંડ આચરનારા જે-તે સમયના મુખ્ય ટપાલ કચેરીના કર્મી આફતાફ માડકીયાની માત્ર બદલી કરવામાં આવી છે. તેમણે તંત્રના નિયમ વિરૂધ્ધ ટપાલ કચેરીના ખાતા ધારકના ફોર્મમાં પોતે વાપરતો હતો એ મોબાઈલ નંબર નોંધાવેલો છે. અન્ય ટપાલ કચેરીમાં પણ આ શખ્સે જ નાણાંકિય વ્યવહારો કર્યા છે જે સૂચવે છે કે, સ્થાનિક કક્ષાએ આ ટપાલ કર્મી જ મુખ્ય ભેજાબાજ છે.

# જામનગરમાં ચાકી સમાજના હત્યા પ્રકરણમાં આરોપી માતા-પુત્રની ધરપકડ




જામનગર : જામનગર શહેરના સેતાવાડ વિસ્તારમાં ગત શનિવારે સાંજે બાળકોના મુદ્દે થયેલી બોલાચાલી બાદ વૃદ્ધની હત્યા કરવામાં આવી હોવાના ચકચારી બનાવમાં પોલીસે આરોપી માતા-પુત્રની ધરપકડ કરી છે. બંને આરોપીઓને વધુ તપાસ માટે રિમાન્ડની માંગ સાથે આજે તા. ૧ સપ્ટેમ્બરના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

શહેરના સેતાવાડ વિસ્તારમાં ગીગામેતાની શેરીની સામેની ગલીમાં રહેતા ચાકી સમાજના પ્રમુખ ઈબ્રાહીમભાઈ સિદ્દીકભાઈ ચાકીની હત્યા મામલે તેમના પુત્ર સાદિકની ફરિયાદના આધારે પોલીસે અમન અસલમભાઈ ઘાંચી તથા તેની માતા હવાબેન અસલમભાઈ ઘાંચી સામે ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, તા. ૨૯ ઓગસ્ટના રોજ સાંજે શેરીમાં બાળકો રમતા હતા તે દરમિયાન હવાબેન દ્વારા બાળકો તરફ મરચાની ભૂક્કી ઉડાડવામાં આવતાં બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઈબ્રાહીમભાઈ નમાજ પઢીને ઘરે આવ્યા હતા અને હવાબેનને નાના બાળકોને હેરાન નહીં કરવા કહેતાં બંને વચ્ચે માથાકૂટ થઈ હતી.

આ બોલાચાલી દરમિયાન હવાબેને પોતાના પુત્ર અમનને કહેતાં અમને લાકડાના ધોકાથી ઈબ્રાહીમભાઈના માથામાં ઘા ઝીક્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ગંભીર ઈજાના પગલે ઈબ્રાહીમભાઈનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે મૃતકના પુત્ર સાદિકની ફરિયાદના આધારે પોલીસે આરોપી અમન અસલમભાઈ ઘાંચી અને તેની માતા હવાબેન અસલમભાઈ ઘાંચીની ધરપકડ કરી છે. બંનેને વધુ પૂછપરછ અને તપાસ માટે રિમાન્ડની માંગ સાથે આજે કોર્ટમાં રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જન્માષ્ટમીના દિવસે દ્વારકાધીશ મંદિરમાં દર્શનનો કાર્યક્રમ જાહેર



દ્વારકા : શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ના પાવન પર્વને અનુલક્ષીને શ્રી દ્વારકાધીશ મંદિરમાં શ્રીજીના દર્શન તથા વિવિધ ધાર્મિક સેવાઓ માટે વિશેષ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ભક્તો માટે મંદિરના દર્શન સવારે ૬ વાગ્યે મંગળા આરતી બાદ શરૂ થશે, જ્યારે દિવસ દરમિયાન વિવિધ ભોગ, પૂજા અને અનોસરના સમયે દર્શન બંધ રહેશે.

સવારે ૬ વાગ્યે મંગળા આરતી બાદ ૬થી ૮ વાગ્યા સુધી મંગળા દર્શન થશે. સવારે ૮ થી ૮.૪૫ સુધી શ્રીજીના વિશેષ/અભિષેક દર્શન યોજાશે. ત્યારબાદ ૮.૪૫ થી ૧૦ વાગ્યા સુધી સામાન્ય દર્શન રહેશે. સવારે ૧૦ થી ૧૦.૧૫ સુધી શણગાર ભોગ દરમિયાન દર્શન બંધ રહેશે અને ૧૦.૧૫ થી ૧૦.૪૫ સુધી દર્શન ખુલ્લાં રહેશે. ત્યારબાદ સવારે ૧૦.૪૫ થી ૧૧ વાગ્યા સુધી શૃંગાર ભોગને કારણે દર્શન બંધ રહેશે. ૧૧ વાગ્યે શૃંગાર આરતી યોજાશે અને ત્યારબાદ ૧૧ થી ૧૧.૨૦ સુધી દર્શન થશે. સવારે ૧૧.૨૦ થી ૧૧.૩૦ સુધી ગ્વાલ ભોગ દરમિયાન દર્શન બંધ રહેશે. ૧૧.૩૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી દર્શન, જ્યારે ૧૨ થી ૧૨.૩૦ સુધી રાજભોગને કારણે દર્શન બંધ રહેશે. બપોરે ૧૨.૩૦ થી ૧ વાગ્યા સુધી દર્શન કરી શકાશે.

ત્યારબાદ બપોરે ૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી અનોસર એટલે મંદિર દર્શન માટે બંધ રહેશે. સાંજે ૫ વાગ્યે ફરી દર્શન શરૂ થશે અને પછી ૫.૪૫ સુધી દર્શન રહેશે. સાંજે ૫.૪૫ થી ૬ વાગ્યા સુધી ઉત્થાપન ભોગ દરમિયાન દર્શન બંધ રહેશે. ત્યારબાદ ૬ થી ૬.૩૦ સુધી દર્શન કરી શકાશે. સાંજે ૬.૩૦ થી ૬.૪૫ સુધી સંધ્યા ભોગને કારણે દર્શન બંધ રહેશે અને ૬.૪૫ થી રાત્રે ૮ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે. રાત્રે ૮ થી ૮.૧૦ સુધી શયન ભોગ દરમિયાન દર્શન બંધ રહેશે. ૮.૧૦ થી ૮.૩૦ સુધી દર્શન બાદ રાત્રે ૮.૩૦ વાગ્યે શયન આરતી યોજાશે. ત્યારબાદ ૮.૩૦ થી ૯ વાગ્યા સુધી દર્શન કરી શકાશે.

રાત્રે ૯ વાગ્યાથી મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી અનોસર હોવાથી મંદિરના દર્શન બંધ રહેશે. શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મધ્યરાત્રિ ૧૨ વાગ્યે જન્મોત્સવ આરતી યોજાશે. ત્યારબાદ ૧૨ થી ૧૨.૩૦ સુધી જન્મોત્સવના વિશેષ દર્શન ભક્તોને મળશે. મધ્યરાત્રિ ૧૨.૩૦ વાગ્યા બાદ અનોસર થતાં મંદિરના દર્શન ફરી બંધ રહેશે. મંદિર પ્રશાસને જન્માષ્ટમીના દિવસે મોટી સંખ્યામાં આવનારા ભક્તોને જાહેર કરાયેલા સમયપત્રકને ધ્યાનમાં રાખીને દર્શન માટે આયોજન કરવા અપીલ કરી છે.

# રિલાયન્સ દ્વારા સિક્કાની શ્રી કૃષ્ણકુમાર પ્રાથમિક શાળાનું નિર્માણ કાર્ય હાથ ધરાયું





જામનગર : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ધ્યેય સૂત્ર 'વી કેર'ની ફિલસૂફી એટલે કે સમાજની જરૂરિયાતને સમજીને તેના ટકાઉ અને સર્વાંગી વિકાસ કરવાના ભાગરૂપે સિક્કાની શ્રી કૃષ્ણ કુમાર પ્રાથમિક શાળાનું નિર્માણ કાર્ય કંપનીના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્ય અન્વયે હાથ ધરવામાં આવ્યું છે. કંપનીના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ સૌ માટે સર્વસમાવેશી, સરળતાથી ઉપલબ્ધ અને ગુણવત્તાસભર શિક્ષણ થકી સમાવેશી ભારતનું નિર્માણ કરવાના રિલાયન્સના સમર્પિત વિઝનથી પ્રેરિત અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૪ સરકારી પ્રાથમિક અને હાઈસ્કૂલોના નિર્માણમાં સહયોગ આપવામાં આવ્યો છે.

સોમવાર, ૩૧ ઓગસ્ટના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (ડીપીઈઓ) જામનગર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, રિલાયન્સના પ્રતિનિધિઓ, ટીપીઈઓ,જામનગર તાલુકા, શિક્ષણ વિભાગના અધિકારીઓ, સિક્કા નગરપાલિકાના સભ્યો અને સ્થાનિક સમુદાયના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સિક્કા શ્રી કૃષ્ણ કુમાર પ્રાથમિક શાળાનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો.

હાલ આ શાળા બે શિફ્ટમાં ચાલી રહી છે અને તેના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અહીં તૈયાર થનારી નવનિર્મિત શાળાની આધુનિક માળખાકીય સુવિધાઓ આ પડકારોને દૂર કરવામાં અને અભ્યાસ માટે વધુ અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં મદદરૂપ થશે તેવી અપેક્ષા છે.

નવી શાળામાં વર્ગખંડો, પ્રિન્સિપાલ રૂમ, સ્ટાફ રૂમ અને શૌચાલય બ્લોકનો સમાવેશ થશે. આ ઉપરાંત સોલર સિસ્ટમ, વરસાદી પાણીના સંગ્રહની પદ્ધતિ, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, સીસીટીવી, અત્યાધુનિક ફર્નિચર, સંગીતના સાધનો, આરઓ વોટર પ્લાન્ટ, ફાયર સેફ્ટી સિસ્ટમ અને વૃક્ષારોપણ જેવી અન્ય સુવિધાઓથી પણ શાળાને સજ્જ કરવામાં આવશે. રિલાયન્સ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૪ સરકારી પ્રાથમિક અને હાઈસ્કૂલોના નિર્માણમાં સહયોગ આપવામાં આવ્યો છે, કંપનીના કાર્યકારી ક્ષેત્રો અને તેની આસપાસના સમુદાયો માટે શૈક્ષણિક સુવિધાઓની પહોંચ બહેતર બનાવવાનું અને આ વિસ્તારની માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં યોગદાન આપવાનું કાર્ય નિરંતર જારી રાખવામાં આવશે. રિલાયન્સ શિક્ષણને રાષ્ટ્ર નિર્માણ તથા સર્વસમાવેશી વિકાસના મુખ્ય આધારસ્તંભ તરીકે જુએ છે. એ માટે શૈક્ષણિક ગુણવત્તા અને સામાજિક માળખાકીય સુવિધાને બહેતર બનાવીને યુવાનોને ૨૧મી સદીના કૌશલ્યોથી સશક્ત બનાવી શૈક્ષણિક અસમાનતાઓને દૂર કરવા, આજીવન શીખવાની ભાવનાને પ્રોત્સાહન આપવા અને ભારતના લાંબા ગાળાના સામાજિક તથા આર્થિક વિકાસને આગળ ધપાવવા માટે સક્ષમ જવાબદાર નાગરિકો તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

# જામનગર શહેર-જિલ્લામાં જુગારના આઠ દરોડામાં ૬ મહિલા સહિત ૨૦ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેર-જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પોલીસે જુગાર અંગે જુદા જુદા ૮ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં કુલ ૨૦ શખ્સોને ઝડપી લઈ કુલ રૂ.૩૨,૭૪૦ની રોકડ તથા સાહિત્ય કબજે કરવામાં આવ્યું હતું.

જામનગરના વેલનગર પુલ નીચે જાહેરમાં એકી-બેકીના આંકડા ઉપર જુગાર રમતા જાવેદ હુશેન મકરાણી અને રાજુભાઈ કેશુભાઈ ચૌહાણને પોલીસે ઝડપી લઈ તેમની પાસેથી રૂ.૩૧૦ની રોકડ મળી આવી હતી.

જામનગરના રામેશ્વરનગર, નવજીવન સોસાયટી વિસ્તારમાં ગંજીપાનાથી તીનપત્તીનો જુગાર રમતા જાગૃતીબેન બાબુભાઈ જાદવ, મીનાબેન ધર્મેશભાઈ મારૂ, હેતલબેન હસમુખભાઈ જાડેજા, ચેતનબેન જીગ્નેશભાઈ ડોડીયા, જયશ્રીબા હરદેવસિંહ રાણા અને મુકેશભાઈ કુવરજીભાઈ ગોરીને ઝડપી લેવામાં આવ્યા હતા. અને તેઓ પાસેથી રૂ.૧૬,૬૬૦ની રોકડ અને ૫૨ ગંજીપાનાં કબજે કરાયા હતા.

આ ઉપરાંત જામનગરના નજીક દશામાના મંદિર પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રાજેશભાઈ વાલાભાઈ બેરડીયા, પ્રશાંતભાઈ કિશોરભાઈ રણોલીયા, કારીબેન હરજીભાઈ સાલાણી અને ગીતાબેન નાનજીભાઈ ઝીઝુવાડીયાને ઝડપી લઈ તેમની પાસેથી રૂ.૪,૮૪૦ અને ૫૨ ગંજીપાનાં કબજે કરાયા હતા.

જામનગરના પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે ટોયોટા કારના શોરૂમ સામે જાહેરમાં વર્લી-મટકાના આંકડા લખતા શબ્બીર અબ્બાસભાઈ રફાઈને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૩૨૦ની રોકડ તથા વર્લી-મટકાનું સાહિત્ય કબજે કરાયું હતું. જ્યારે હાપા વિસ્તારમાં મામા સાહેબના મંદિર પાસે જાહેરમાં વર્લી-મટકાના આંકડા લખતા મેહબુબભાઈ નુરમામદભાઈ શેખને ઝડપી લીઈ તેની પાસેથી રૂ.૨૮૦ની રોકડ તથા વર્લી-મટકાનું સાહિત્ય મળી આવ્યું હતું.

જ્યારે જામજોધપુર તાલુકાના હોથીજી ખડબા ગામે કાળેશ્વર મહાદેવ મંદિર પાસે વડના ઝાડ નીચે તીનપત્તીનો જુગાર રમતા આનંદભાઈ ખીમજીભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સવદાસભાઈ બારડ, સુરેશભાઈ જગાભાઈ ડાંગર, કમલેશપરી લાલપરી ગોસ્વામી અને મહેશભાઈ સોમાભાઈ કરંગીયાને ઝડપી લીઈ તેમની પાસેથી રૂ.૧૦,૫૪૦ની રોકડ અને ૫૨ ગંજીપાનાં કબજે કરાયા હતા.

તેમજ જામજોધપુરમાં વર્લી-મટકાના આંકડા લખતા રવિભાઈ ધિરૂભાઈ ઝિંઝુવાડીયાને ઝડપી લીઈ તેની પાસેથી રૂ.૧૧૦ની રોકડ કબજે કરાયા હતા. ઉપરાંત જામજોધપુરના પાટણ ગામે બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વર્લી-મટકાના આંકડા લખતા શૈલેષભાઈ ઉકાભાઈ પરમારને ઝડપી લીઈ તેની પાસેથી રૂ.૮૦ની રોકડ કબજે કરવામાં આવ્યા હતા.

# દ્વારકા જિલ્લામાં જુગારની મોજ માણતા વધુ ૩૨ શખ્સની ધરપકડ

દ્વારકા : દેવભૂમિ- દ્વારકા જિલ્લામાં જુગારની અવિરત સીઝન ચાલી રહી છે તેવામાં પોલીસે વધુ ૯ સ્થળે જુગાર અંગેના દરોડામાં ૩૨ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી કુલમળી રૂ. ૫૬ હજાર ઉપરાંતની મતા કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડો કલ્યાણપુર તાલુકાના કનકપર ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા આવળદાન નાગશીભાઈ જામ, શીલનાથ બાલનાથ કંથળ, ડેરાજ જીવણભાઈ જામ, આલાભાઈ દેવશીભાઈ કરીર અને મનસુખભાઈ રામભાઈ નકુમ નામના ૫ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૭૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

બીજો દરોડો કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કિશોર રાયદેભાઈ વરવારીયા, નીતિન હમીરભાઈ આંબલીયા, નીતિન પાલાભાઈ વરવારિયા, વિશાલ જેઠાભાઈ ડેર, પરબત વેજાભાઈ ગાધેર અને કેશુ સુકાભાઈ વરવારીયા નામના ૫ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૦૮૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

ત્રીજો દરોડો કલ્યાણપુરના ભાટિયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મહેશ મનસુખભાઈ જગતીયા, દિલીપ સાજણભાઈ ગોહેલ નામના બે શખ્સને સ્થાનિક પોલિસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૪૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

ચોથો દરોડો ભાણવડ તાલુકાના રૂપામોરા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા જાવેદ રજાકભાઈ બાનવા, રામભાઈ અરજણભાઈ પીપરોતર નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૪૯૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

પાંચમો દરોડો દ્વારકામાં નરસંગ ટેકરી ખાતે જાહેરમાં મોબાઈલ ફોન ઉપર વોટ્સએપ મારફત ચેટ કરી ચિઠ્ઠીમાં લખી હારજીતનો જુગાર રમતા અકબર ઓસમાણ ગજણ નામના શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ રૂ. ૧૬૬૭૦ ની મતા કબ્જે કરી હતી.

છઠ્ઠો દરોડો દ્વારકા તાલુકાના આરંભડા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા અરજણ અજુભાઈ રોશીયા, દિલીપ પેથાભાઈ ચાનપા અને કુંભેશ હાજાભાઈ લધા નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૭૯૦૫ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

સાતમો દરોડો ખંભાળિયાના ધરમપુરમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા નરેન્દ્રસિંહ મોહબ્બતસિંહ જાડેજા, હરપાલસિંહ ભીખુભા ગોહિલ, મહાવીર સિંહ ઈશ્વરસિંહ ચુડાસમા અને ભીમાભાઈ દેવરાજભાઈ દનેચા નામના ૪ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૪૬૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

આઠમો દરોડો ખંભાળિયા તાલુકાના ભાડથર ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કિશનભાઈ ખીમાભાઈ સોલંકી, હમીરભાઈ હરદાભાઈ સોલંકી, દીપકભાઈ ગોગનભાઈ સોલંકી, અજય ભાઈ ખીમાભાઈ સોલંકી, આકાશભાઈ દીપકભાઈ મકવાણા, સુનિલભાઈ ખીમભાઈ સોલંકી અને નથુભાઈ બચુભાઈ પરમાર નામના ૭ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૩૮૨૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. નવમો દરોડો ખંભાળિયામાં માલધારી હોટલ પાસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રમેશભાઈ નારણભાઈ રાઠોડ અને વિજયભાઈ જીવાભાઈ ડંગર નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૯૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# જામનગરમાં હત્યાની કોશિશ તથા એટ્રોસિટીના ગુનાના બંને આરોપી જેલહવાલે



જામનગર : જામનગરમાં સાત રસ્તા ઓવરબ્રિજ ઉપર ગત તા.૨૦ ઓગસ્ટના રોજ થયેલી હત્યાની કોશિશ તથા એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધર્યા બાદ અદાલતના આદેશથી બંનેને જેલહવાલે કરવામાં આવ્યા છે.

આ બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૨૦/૮ના રોજ હત્યાની કોશિશ તથા એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ હાજી હમીર ખફી ઉર્ફે લાબો, શીવરાજસિંહ જાડેજા તથા બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જે ગુનામાં આરોપીઓ નાસતા ફરતા હોવાથી એલ.સી.બી.ના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. દરમિયાન હાજીભાઈ હમીરભાઈ ખફી સુમરા, રહે. મસીતીયા ગામ, હુશેની ચોક, ખફી મસ્જિદવાળી શેરી, તથા શિવરાજસિંહ ઉર્ફે શીવો નરેન્દ્રસિંહ જાડેજા દરબાર, રહે. શંકર ટેકરી, રામનગર, પ્રજાપતિની વાડી સામે, નંદા મોબાઈલની બાજુમાં, જામનગર બંનેને ઝડપી લીધા હતા. ત્યારબાદ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરાતા જેલહવાલે કરવાનો હુકમ કર્યો હતો.

# હાપા માર્કેટિંગ યાર્ડ એક અઠવાડિયું બંધ

જામનગરઃ જન્માષ્ટમીના તહેવારોને પગલે જામનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હાપા માર્કેટિંગ યાર્ડમાં આજથી તા.૬ સપ્ટેમ્બર સુધી મીની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન યાર્ડમાં અનાજ સહિતની જણસીઓની હરરાજી અને ખરીદ-વેચાણની કામગીરી બંધ રહેશે. આજથી તા.૬ સપ્ટેમ્બર સુધી યાર્ડનું નિયમિત કામકાજ બંધ રહેશે અને ત્યારબાદ તા.૭ સોમવારથી રાબેતા મુજબ હરરાજી સહિતની કામગીરી શરૂ કરવામાં આવશે તેમ યાર્ડના સેક્રેટરી હિતેષ પટેલ જણાવ્યું છે.

# જામનગરમાં શ્રાવણી મેળામાં રાઈડના સંચાલકોને ફાયર દ્વારા અપાઈ તાલીમ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા તા.૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન શ્રાવણી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળામાં મોટી મશીન મનોરંજનની રાઈડો, જાયન્ટ વ્હીલ, નાવડી સહિતની ઊંચાઈવાળી રાઈડો તેમજ બાળકો માટેની વિવિધ રાઈડો લગાવવામાં આવી છે. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાના હોવાથી મુલાકાતીઓની સલામતીને પ્રાથમિકતા આપી મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખા દ્વારા રાઈડ સંચાલકો અને મેળાના વ્યવસ્થાપકોને ખાસ તાલીમ આપવામાં આવી હતી.

મેળા દરમિયાન કોઈ રાઈડમાં યાંત્રિક ખામી સર્જાય અને રાઈડ અચાનક ઊભી રહી જાય, જેના કારણે તેમાં બેઠેલા લોકો ઊંચાઈ પર ફસાઈ જાય, ત્યારે તેમને સલામત રીતે નીચે ઉતારવાની કામગીરી કેવી રીતે કરવી તે અંગે ફાયર બ્રિગેડની ટાવર લેડર ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રાઈડમાં આગ લાગવા જેવી આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો ફાયર એક્સ્ટિંગ્વિશર એટલે કે અગ્નિશામક બાટલાનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો તેની પણ તાલીમ આપવામાં આવી હતી.

ઈલેક્ટ્રિક વાયરિંગમાં શોર્ટ સર્કિટ થાય અથવા વીજળી સંબંધિત અન્ય કોઈ બનાવ બને ત્યારે રાઈડ સંચાલકો અને કર્મચારીઓએ કઈ રીતે તકેદારી રાખવી, લોકોને ઘટનાસ્થળથી દૂર રાખવા તથા પ્રાથમિક બચાવ કામગીરી હાથ ધરવી તે અંગે પણ સમજ આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખાના ડેપ્યુટી ફાયર ઓફિસર જસ્મિન ભેંસદડીયા, ફાયર સ્ટેશન ઓફિસર ઉમેશ ગામેતી, ઉપેન્દ્ર સુમડ સહિતના અધિકારીઓ તથા ફાયર બ્રિગેડના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં અગમ્ય કારણોસર શ્રમિક યુવાનનો ઝેરી દવા પી આપઘાત

જામનગર : જામનગરના બાઈનીવાડી, આંબેડકરવાસ વિસ્તારમાં રહેતા એક શ્રમિકે ગત તા.૨૬ના રોજ પોતાના ઘર પાસે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતાં તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં બાયની વાડી પાસે આંબેડકરવાસમાં રહેતા અને મજૂરી કામ કરતા ગોવિંદભાઈ નાથાભાઈ સોલંકી નામના ૪૬ વર્ષીય યુવાને કોઈપણ કારણોસર ઝેરી દવા પી લેતા તેમને જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવારમાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર નયનભાઈ ગોવિંદભાઈ સોલંકીએ પોલીસને જાણ કરતા સીટી 'એ' ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં જૈન સમાજના સિદ્ધિવધુ કંઠાભરણ તપસ્વીઓની રથયાત્રા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ દ્વારા સિદ્ધિવધુ કંઠાભરણ તપના તપસ્વીઓની રથયાત્રાનો વરઘોડો યોજાયો હતો. પ.પૂ. આચાર્યદેવ શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તથા સાધ્વીજી મ.સા.ની પાવન નિશ્રામાં ધાર્મિક માહોલ વચ્ચે આ રથયાત્રા યોજાઈ હતી. શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ, જામનગરના આયોજન હેઠળ આજે તા. ૧ સપ્ટેમ્બર, મંગળવારના રોજ સવારે ૭ વાગ્યે શ્રી શેઠજી દેરાસરેથી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. રથયાત્રામાં જામનગરના જ વતની એવા મુનિ શ્રી હેમન્તવિજયજી મ.સા. દ્વારા શરુ કરાવાયેલ શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ સંચાલિત બેન્ડના યુવાનો-બાળકોએ બેન્ડની રમઝટ બોલાવી હતી. આ ઉપરાંત આદિનાથ યુવક મંડળના ભાઈઓએ રથયાત્રાની વ્યવસ્થા સંભાળી હતી. રથયાત્રામાં સિદ્ધિવધુ કંઠાભરણ તપના તપસ્વીઓ જોડાયા હતા. જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ તથા સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રથયાત્રા દરમિયાન ધાર્મિક ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## એઆઇ પાછળનો ખર્ચ : વિકાસની દોડ કે જોખમી જુગાર?

આજના યુગમાં કૃત્રિમ બુદ્ધિ એટલે કે માણસની જેમ શીખી અને કામ કરી શકતી નવી ટેક્નોલોજી દુનિયાની અર્થવ્યવસ્થાને ઝડપથી બદલી રહી છે. અમેરિકા આ દોડમાં સૌથી આગળ છે. પરંતુ આ દોડ સાથે એક મોટો પ્રશ્ન પણ ઊભો થયો છે. કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલો અતિશય ખર્ચ ખરેખર એટલો જ લાભ આપશે કે અમેરિકન મીડિયામા આપવામાં આવેલી માહિતી આ પ્રશ્નને ગંભીર બનાવે છે. અમેરિકામાં કૃત્રિમ બુદ્ધિ પાછળ અબજો ડોલરનો ખર્ચ થઈ રહ્યો છે. મોટી કંપનીઓ નવી વ્યવસ્થા ઊભી કરવા માટે સતત રોકાણ કરી રહી છે. પરંતુ તેના પ્રમાણમાં મળનારો આર્થિક લાભ કેટલો હશે તે અંગે નિષ્ણાતોના અંદાજ અલગ છે. એટલે માત્ર મોટા ખર્ચને વિકાસનું પ્રમાણ માનવું યોગ્ય નથી.ખર્ચ વધે છે, પણ લાભની ખાતરી નથી!

કૃત્રિમ બુદ્ધિ પાછળ અમેરિકામાં થઈ રહેલો ખર્ચ ઝડપથી વધી રહ્યો છે. કંપનીઓ વિશાળ કમ્પ્યુટર કેન્દ્રો બનાવી રહી છે. નવી ચીપ, વીજળી, માહિતી સંગ્રહ અને અન્ય સાધનો પાછળ પણ મોટું રોકાણ થઈ રહ્યું છે.આ રોકાણથી રોજગાર ઊભો થાય છે. નવી કંપનીઓ જન્મે છે. સંશોધનને વેગ મળે છે. પરંતુ બીજી બાજુ એવો પ્રશ્ન પણ છે કે આટલા મોટા ખર્ચ સામે વાસ્તવિક ઉત્પાદન અને આવક કેટલી વધશે?આ જ જગ્યાએ સાવચેતી જરૂરી છે.જૂના અનુભવમાંથી શીખવાની જરૂર અમેરિકાએ અગાઉ પણ નવી ટેક્નોલોજીના અનેક તબક્કા જોયા છે. કેટલીક નવી શોધોએ અર્થતંત્રને લાંબા સમય સુધી મજબૂત બનાવ્યું. કેટલીક શોધો થોડા સમય માટે ખૂબ લોકપ્રિય બની, પરંતુ પાછળથી તેમનું મહત્વ ઘટ્યું.કૃત્રિમ બુદ્ધિ અંગે પણ આવું જ થશે કે તે લાંબા સમય સુધી અર્થતંત્રને બદલશે, તે આજે ચોક્કસ કહી શકાય નહીં. તેથી માત્ર ઉત્સાહમાં આવીને અતિશય ખર્ચ કરવો યોગ્ય નથી.  ટેક્નોલોજીનો વિકાસ જરૂરી છે, પરંતુ તેની સાથે વાસ્તવિક લાભનું મૂલ્યાંકન પણ એટલું જ જરૂરી છે.અર્થતંત્ર માટે નવી તક ઊભી થઈ હોય તેવું લાગે છે પરંતુ વાસ્તવિકતા અલગ છે એ વસ્તુ સાચી છે કે કૃત્રિમ બુદ્ધિમાં ઘણી મોટી સંભાવનાઓ છે. દવાઓના સંશોધનથી લઈને ખેતી સુધી તેનો ઉપયોગ થઈ શકે છે. શિક્ષણ, બેન્કિંગ, ઉદ્યોગ, વાહનવ્યવહાર અને સરકારી સેવાઓમાં પણ કામ સરળ બની શકે છે.

માણસ જે કામમાં કલાકો લગાવે છે તે કામ થોડા સમયમાં થઈ શકે છે. માહિતીનું વિશ્લેષણ ઝડપથી થઈ શકે છે. ભૂલો ઘટાડવામાં મદદ મળી શકે છે. નાના ઉદ્યોગોને પણ નવી બજાર તક મળી શકે છે.આથી કૃત્રિમ બુદ્ધિને માત્ર ખર્ચ તરીકે જોવી પણ યોગ્ય નથી. તે યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય તો વિકાસનું મોટું સાધન બની શકે છે.પરંતુ અતિશય અપેક્ષા પણ ખતરનાક બની રહી છે.મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે ટેક્નોલોજી પાસેથી અતિશય અપેક્ષા રાખવામાં આવે. દરેક સમસ્યાનો ઉકેલ કૃત્રિમ બુદ્ધિ આપી દેશે એવી માન્યતા યોગ્ય નથી.કૃત્રિમ બુદ્ધિ પોતે વીજળી, સાધનો, માહિતી અને વિશાળ માળખા પર આધારિત છે. એટલે તેની પાછળનો ખર્ચ પણ સતત વધતો જાય છે.જો કંપનીઓ અતિશય ખર્ચ કરે અને તેના પ્રમાણમાં આવક ન વધે તો આ રોકાણ ભારે બોજ બની શકે છે.

# દેખાણી ખાનદાનીની ખોટ

### જૂના જમાનામાં ગામ ભાંગવા બહારવટિયાનું પાળ ચડી આવતું ત્યારે ગામના પાદરના ખોરડેથી બાપ વગરની દીકરીએ ખીંટીએથી બંદૂક ઉતારીને પાળની સામે થઈ પડકારો કર્યો ને બહારવટિયાએ પારોઠનાં પગલાં ભર્યાં

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સમી સાંજનું ટાણું હતું. આકાશનું અંધારું ધીમે ધીમે ઉતરી રહ્યું હતું. વગડાનો કોલાહલ હજુ ગામ તરફ પાછો વળ્યો નહોતો. તેથી કેટલાય ઘરોમાં દિવાઓ પ્રગટ્યા નહોતા. એકાદ બે ઘરોમાં ચૂલાનો ઓકેલો ધૂમાડો નળિયાવાળા છાપરે ઘૂમરાઈ આકાશે ચડતો હતો. ગામની શેરીઓ નિરાધાર અંધ બનીને સૂમસામ હતી. ભૂખ્યાં કૂતરાં ટોળે વળી બિહામણા રાગડા તાણી રહ્યાં હતાં.

' આ ગામને પાદર, હોબાળો શાનો છે ?'

હોકારા દેકારા કરતું ટોળું જોઈને ગામના કેટલાય નામર્દ ઘર બંધ કરીને બીકના માર્યા ભાગી ગયેલા. ટોળું ગામના ઝાંપે ચઢી લોકોનાં ઘર તરફ વળ્યું અને જુવાનજોધ દીકરીએ ઘરની દીવાલે ટીંગાતી બંદૂક હાથમાં પકડી, પડકારો કરતાં, સામે હડી કાઢી,''માનું દૂધ પીધું હોય તો ઊભા રહેજો, નામર્દો ! બંદૂકના એકએક ભડાકે એક એકને..."અને ટોળું ગામની શેરીએથી ઘબરાટી બોલાવતું પાદર ભણી ભાગ્યું.

દીકરીના બાપુ વહેલા ગામતરે ગયા. તેમની અંતિમ ઈચ્છા પૂરી કરવા દીકરીએ આજે ગામ ભાંગવા આવેલા મર્દોને એક હાંકલે પારોઠના પગલાં ભરાવ્યાં છે. તેદી આમ અચાનક ગામ ભાંગવા પાળ આવી ચડતું. આ ગામના ઝાંપે પહેલું જ ખોરડું આ દીકરીનું. તેથી તેના બાપુએ પોતાની આ એકની એક દીકરીને ચેતવી રાખેલી કે, ' ગામનું રખોપું આપણા ખોરડેથી જ થાય.' આ વાતને દીકરીએ હાડોહાડ ઉતારેલી તે આજે તેણે ગામનું રખોપું કરી બતાવ્યું.

ગામના લોકોને હાશકારો થયો. આગેવાનોએ આ ખોરડે આવીને દીકરીને શાબાશી આપતાં કહ્યું, ' તારા બાપુની ઈચ્છા પૂરી થઈ, એ જ અમારે મન તારા બાપુનું તર્પણ કર્યા બરાબર છે, તું તો દીકરી નહીં પણ એભલ બાપુનો દીકરો છો, હો ! પણ તારી અંતિમ ઈચ્છા શું છે દીકરી ?'

' આપણું ગામ ભાંગવા માટે આવી રીતે જ્યારે કોઈ પાળ આવી ચડે ત્યારે ગામ એક સંપ કરીને તેને પાછું વાળે એવા મર્દો આ ગામમાં પાકે, આ મારી અંતિમ ઈચ્છા છે.'

' પણ દીકરી ! ' એક ઘરડા આગેવાન બોલ્યા.

'હા, ભા. પણ શું ? '

' પણ એ કે ગામના ખોરડે ખોરડે તારા બાપુ જેટલી ખાનદાનીની ખોટ વર્તાય છે. ગામને જાળવવાની લાગણી







દહાડે દહાડે લોકોમાંથી ઘટતી જાય છે.'

' ખાટલે મોટી ખોટ કે પાયો જ નહીં ! ' દીકરી બોલી.

'મારા ચારે ય હાથ તારા માથે, દીકરી ! મારા આશીર્વાદ છે તને. સુખી રહેજો. તમે ગામની ખૂબ મોટી સેવા કરી છે.'

આંગણે ખટલો ઢાળીને બેઠેલી માએ આવીને દીકરીના માથે પ્રેમથી હળવો હાથ ફેરવતાં કહ્યું, ' રણચંડી જગદંબાનો અવતાર !'

'તમારા આશીર્વાદ છે મા !'

માએ ગામના આગેવાનોને કહ્યું , ' હવે ગામને સાચવજો હાં કે...'

ઘરડા આગેવાને કહ્યું, 'સાંભળ્યું, હવે આપણે જાગીશું, ત્યાં સુધી ગામની કઠણાઈ બેસશે નહિ, દીકરી અને માને હવે સૂવા દઈએ.'

'હવે ઘણું મોડું થયું મા ! આરામ કરો તો સારું !' દીકરીએ કહ્યું.

મા બોલ્યા, 'પણ, રસોડામાં કોઠલો છે. તેની નીચે દાદી વખતનું માટલું છે. તેમાં મારાં કડલાં અને સાંકળા છે, થોડાક ચાંદીના સિક્કા છે. દાદાનો ચાંદીનો દાબડો છે- એ તો હું ભૂલી જ ગઈ છું. બહારવટિયા ગામ ભાંગવા આવે ત્યારે કોઠલા ફંફોસતા હોય છે, ત્યાંથી બધું હાથવગું કરી લેશે ને આપણને ભિખારી કરી મૂકશે. અગાઉ આપણી પાસે સોનાની વેઢ-વાળિયો ઘણું હતું. એક દસકો થ્યો, તું નાની હતી ને તારા બાપુ ને હું ઘર રેઢું મેલીને તારા મામાને ગામ ખીહર કરવા ગયેલાં ; ત્યારે આ ગામ પર પાળ આવેલું ને તાંસણા ભરી ભરીને રૂપિયાના સિક્કા ઉપાડી ગયેલા ને આપણું ઘરેણું પણ ઉપાડી ગયા, પણ આજે...આ માટીનું ખોરડું છે.. સમાજને સુધારી નહિ શકાય, બેટા ! આપણે સુધરવું પડશે !'

# હનુમાન દાદાને શંકરસુવન અને કેસરીનંદન કેમ કહેવાય છે?



હનુમાનજી જ્યારે નાના હતા ત્યારે તેમણે સૂર્યબિંબને ફળ જાણી ખાવા માંડયું તે જોઈને વ્રજથી તેના જડબા (દાઢી-હનુ) ઉપર ઈન્દ્રએ પ્રહાર કર્યો હતો. પણ તેનું શરીર વ્રજ જેવું હોઈ તેમને કાંઈ અસર થઈ નહિ તેથી તે હનુમાન કહેવાણા પછી તેમણે સૂર્યને છોડી દીધો અને દેવોએ તેમને અત્તુલીત બળનું વરદાન આપ્યું. માતાની આજ્ઞાથી હનુમાને સૂર્ય પાસે જઈ સઘળી વિદ્યાઓ પ્રાપ્ત કરી એથી તે વિદ્યાવન તથા રુદ્રના અવતાર રૂપ હતા અને શંકર સુવન કહેવાય છે

હનુમાનજીના જન્મની કથા વાલ્મીકિ મુનિએ વર્ણવી નથી. પરંતુ જુદા જુદા દેવોના પુત્ર તરીકે ઓળખવામાં આવે છે એવું જોવા મળે છે કે જેમકે વાયુ (પવન) પુત્ર, કેસરી નંદન, શંકરસુવન, વગેરે વગેરે એટલે એમનાં જન્મની રહસ્યમય કથા જાણવી ઉપયોગી થશે.

શિવ પુરાણમાં શતરુદ્ર સંહિતામાં એવી કથા છે કે ભગવાન વિષ્ણુનું મોહિત સ્વરૂપ જોવા માટે શંકર વિષ્ણુ પાસે ગયા અને તે સ્વરૂપના દર્શન કરાવવા પ્રાર્થના કરી. વિષ્ણુએ માયા રચી પોતાનું અદ્ભૂત મોહિની સ્વરૂપ બતાવ્યું. આ સ્વરૂપે તેમણે દાનવોને ભરમાવી તેમની પાસેથી અમૃત કુંભ લઈ લીધો હતો અને દેવોને તે અમૃત પાઈ દીધું હતું. તેવી અમૃત મંથનની કથા છે. પછી શંકર ભગવાનને તે સ્વરૂપ બતાવ્યું. એટલે શંકરજી તેના મોહમાં પડી કામથી વ્યાકુળ થઈ તેની પાછળ દોડયાં તે વખતે તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. સપ્તર્ષિઓએ તેને પાંદડામાં લઈ લીધું અને ગૌતમની પુત્રી અંજનાના કાનમાં રેડી, તે દ્વારા અંજનાને શંકર જેવો મહાન પુત્ર થાય જેથી યોગ્ય સમયે એ ગર્ભરૂપે ઉત્પન્નથી વાનર સ્વરૂપનું શરીર ધારણ કરીને રામ કાર્ય માટે ઉપયોગી બને. (શિવ પુરાણ શતરુદ્ર સંહિતા અ.૭૯/૨૦) તે અંજનાને કેસરી સાથે પરણાવી હતી પણ લાંબો સમય જતાં પણ પુત્ર થયો નહતો. સપ્તર્ષિઓએ તેમને શંકર જેવો પુત્ર આપ્યો તેથી તેઓ પ્રસન્ન થયા. જેથી તેઓ શંકરસુવન કહેવાય છે. અને કેસરી ના ઘરે જન્મ્યા હતા તેથી અંજની અને કેસરીનંદન કહેવાય છે.

હનુમાનજી જ્યારે નાના હતા ત્યારે તેમણે સૂર્યબિંબને ફળ જાણી ખાવા માંડયું તે જોઈને વ્રજથી તેના જડબા (દાઢી-હનુ) ઉપર ઈન્દ્રએ પ્રહાર કર્યો હતો. પણ તેનું શરીર વ્રજ જેવું હોઈ તેમને કાંઈ અસર થઈ નહિ તેથી તે હનુમાન કહેવાણા પછી તેમણે સૂર્યને છોડી દીધો અને દેવોએ તેમને અત્તુલીત બળનું વરદાન આપ્યું. માતાની આજ્ઞાથી હનુમાને સૂર્ય પાસે જઈ સઘળી વિદ્યાઓ પ્રાપ્ત કરી એથી તે વિદ્યાવન તથા રુદ્રના અવતાર રૂપ હતા અને શંકર સુવન કહેવાય છે.

વિશેષ

સ્કંદ પુરાણમાં વૈષ્ણવ ખંડમાં એવી કથા છે કે અંજના અને કેસરી સુમેરૂ પર્વત ઉપર રહેતા હતા. તેમને સંતાન સુખ ન હતું. એટલે અંજનાએ વ્રત, તપ કરવા માંડયું. એકવાર તેમને ત્યાં મતંગ ઋષિ આવ્યા, તેમને અંજના એ પુત્ર માટે ઉપાય પૂછયો : મુનિએ તેમને મહાક્રમી અને અજેય વૃષભાચળ પર્વત પર જઈ વાયુદેવની ઉપાસનાથી મળશે તેવી સલાહ આપી વૃષભાચળ પર્વત ઉપર જઈ મતંગ મુનિના કહેવા મુજબ અંજનાએ તપ આદર્યું એટલે વાયુ દેવ પ્રસન્ન થયા. તેમણે અંજનાના સતીત્ત્વનો ભંગ કર્યા વિના અવ્યક્ત રૂપે માનસિક સંકલ્પ દ્વારા અંજનાને આલિંગન કરી પુત્ર આપ્યો. આ અંજના દેવીનો પુત્ર અંજનેય વાયુ જેવી શક્તિવાળો મહાન પુત્ર થયો. તેથી તે વાયુપુત્ર કહેવાયા.

હનુમાનજીના જન્મની એક અદ્ભૂત કથા રામાયણમાંથી મળે છે. અયોધ્યાના રાજા દશરથને પુત્ર ન હતો. તેથી તેમણે પુત્રેષ્ટિ યજ્ઞા કરાવ્યો. તે સમયે જે પાયસાન્ન રાણીઓને ખવડાવવા આપ્યું. તેના રાજાએ ત્રણ સરખા ભાગ કર્યા. રાણીઓએ તે ગ્રહણ કરીને કૂળદેવીનું ધ્યાન ધરે છે તેવામાં ક્યાંકથી એક ગીધ આવી કૈકયીના હાથમાંથી પાત્ર ઝૂંટવી લે છે અને ઉડી ગઈ. રાજાએ કૈકયીને બીજી રાણીઓ પાસેથી નવેસરથી ભાગ અપાવ્યો.

બીજી તરફ અંજના દેવી પુત્રેચ્છાથી પર્વત ઉપર તપ કરતા હતા વાયુદેવે અયોધ્યાથી ઉડી ગયેલા (પ્રસાદ લઈને) ગીધડીની ચાંચમાં રહેલ તે પ્રસાદ પાડી નાખ્યું. અને હવામાં લાવીને તપ કરતાં અંજના દેવીની અંજલિમાં મૂકી દીધું. તેણે તે પ્રસાદરૂપે ગ્રહણ કર્યું એટલે અંજનાને ગર્ભ રહ્યો અને હનુમાજી રૂપે તેનો જન્મ થયો તેથી તે અંજનીપુત્ર પણ કહેવાયા.આવી રીતે આપણા શાસ્ત્રોમાં અને પુરાણોમાં એકની એક કથા જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. આમ છતાં ભાવુક બની તેમાં ઊંડે નહીં જતા આરાધ્ય દેવ હનુમાનજીને સમજી માની શ્રદ્ધાથી ભક્તિમાં સ્થિર રહે તેવી મારૂતિનંદનને પ્રાર્થના.

# પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના પ્રાગટ્ય દિવસની ‘સેવાદિવસ’ તરીકે ઉજવાયો : દેશ-વિદેશમાં અનેકવિધ સામાજિક અને આધ્યાત્મિક કાર્યો સંપન્ન







## સાંદીપનિ વિદ્યાનિકેતનમાં શ્રીહરિ મંદિરે વર્ધાપનપૂજા, લઘુરુદ્રાભિષેક, બ્લડ ડોનેશન, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને અન્નદાન સહિતની ધાર્મિક અને માનવ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી

ભાવનગર,તા.૧

રાષ્ટ્રીય સંત, પરમ ભાગવતકાર અને શિક્ષણક્ષેત્રના લોકહિતચિંતક પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પ્રાગટ્ય દિવસ ૩૧મી ઓગષ્ટને તેમની જ પ્રેરણાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ 'સેવાદિવસ' તરીકે અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ અને સેવાભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. શ્રાવણ માસના પવિત્ર સોમવારે સાંદીપનિ વિદ્યાનિકેતન સહિત દેશ અને વિદેશમાં વસતા બૃહદ સાંદીપનિ પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક, સામાજિક અને માનવસેવાકીય કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રીના દીર્ઘાયુ અને વિશ્વ કલ્યાણના સંકલ્પ સાથે પોરબંદર સ્થિત સાંદીપનિ આશ્રમના શ્રીહરિ મંદિરમાં વિધિવત્ વર્ધાપનપૂજન યોજાયું હતું. શ્રાવણી સોમવારનો પાવન અવસર હોવાથી પૂજ્ય ભાઈશ્રીએ શ્રીહરિ મંદિરમાં પ્રતિષ્ઠિત ચંદ્રમૌલીશ્વર મહાદેવને વૈદિક મંત્રોચ્ચાર અને દિવ્ય ઉપચારો સાથે લઘુરુદ્રાભિષેક કર્યો હતો. આ અભિષેકપૂજામાં ગૌતમભાઈ ઓઝા, સાંદીપનિ ઋષિકુળના અધ્યાપકો, સેવકો અને ઋષિકુમારો જોડાયા હતા. આ ઉપરાંત, સાંદીપનિ પરિસરમાં આવેલા સૌમ્ય ભૈરવજી મહારાજને ૧૧૦૦ બિલ્વપત્ર અર્પણ કરીને વિશેષ પૂજન પણ કરવામાં આવ્યું હતું.

### સામાજિક અને માનવ સેવાકીય પ્રવૃત્તિઓની સરવાણી

**રક્તદાન કેમ્પ:** સાંદીપનિની સંસ્કૃત પાઠશાળા ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં અધ્યાપકો, ઋષિકુમારો, કર્મચારીઓ અને પોરબંદરના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૫૦ બોટલ રક્ત એકત્રિત કર્યું હતું.

**શ્રીહરિ વનનું લોકાર્પણ અને વૃક્ષારોપણ:** પર્યાવરણ જતન અર્થે સદ્ભાવના સેવા આશ્રમ અને સાંદીપનિના સંયુક્ત ઉપક્રમે 'શ્રીહરિ વન'નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી સાથે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કલેક્ટર ધાનાણી, મેયર સાગરભાઈ મોદી, જિલ્લા ભાજપ પ્રમુખ  ચેતનાબેન તિવારી તેમજ સદ્ભાવના આશ્રમ અને ગ્રીન પોરબંદરના હોદ્દેદારો રામજીભાઈ મોઢવાડિયા, પ્રવીણભાઈ ખોરવા સહિતના અગ્રણીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

**સ્વચ્છતા અભિયાન:** સાંદીપનિ વિદ્યાનિકેતનના ઋષિકુળ અને ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ પોરબંદરના ઐતિહાસિક સુદામા મંદિર પરિસરમાં સફાઈ અભિયાન ચલાવી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

**બાળકોમાં ખુશીઓનું વિતરણ:** 'સ્પ્રેડીંગ સ્માઈલ'ના બેનર હેઠળ ધીરજભાઈ તથા તૃપ્તિબેન પંડિત દ્વારા પોરબંદરની વિવિધ આંગણવાડીઓમાં ભૂલકાંઓને રમકડાં કિટ અને નવા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ગૌસેવા અને અન્નક્ષેત્ર:** સાંદીપનિ ગૌશાળામાં પૂજ્ય ભાઈશ્રી દ્વારા ગૌપૂજન કરી ગાયોને લાડુનો ભોગ ધરાવાયો હતો. સાથે જ આશ્રમે આવેલા દર્શનાર્થીઓ માટે મિષ્ટાન્ન ભોજન સેવા તથા ભાવનગરમાં લીલા ગ્રુપ અને સદ્વિચાર સમિતિ દ્વારા દર્દીનારાયણ માટે ટિફિન સેવા પૂરી પાડવામાં આવી હતી.

**નિઃશુલ્ક સોમનાથ દર્શન યાત્રા:** 'ઓમ ગ્રુપ ઓફ પોરબંદર' દ્વારા શહેરની ૫૧ મહિલાઓને શ્રાવણી સોમવારે સોમનાથ, ત્રિવેણીતીર્થ, ભાલકાતીર્થ, માધવપુર અને લોયેજ જેવાં પવિત્ર ધામોની નિઃશુલ્ક બસ યાત્રા કરાવવામાં આવી હતી.

આ ઉપરાંત, દેશ-વિદેશમાં વસતા સાંદીપનિના બૃહદ પરિવારે પણ રાશનકિટ વિતરણ, મેડિકલ કેમ્પ, વિદ્યાદાન અને અન્નદાન જેવા કાર્યો કરીને પૂજ્ય ભાઈશ્રીના પ્રાગટ્યોત્સવને ખરા અર્થમાં 'સેવાદિવસ' તરીકે સાર્થક કર્યો હતો.

# આઈસીસીએ શ્રીલંકામાં મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીના યજમાન અધિકારો છીનવી લીધા

નવીદિલ્હી,

મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી, જે અગાઉ શ્રીલંકાને આપવામાં આવી હતી, તે ૨૦૨૭ ની શરૂઆતમાં પ્રથમ વખત યોજાવાની છે. જોકે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ એક મોટું પગલું ભર્યું છે અને શ્રીલંકાને યજમાની અધિકારોથી વંચિત રાખ્યા છે. આનો અર્થ એ થયો કે શ્રીલંકા હવે આ ઐતિહાસિક ટુર્નામેન્ટનું આયોજન કરી શકશે નહીં. આઈસીસી અને શ્રીલંકા સરકાર વચ્ચેના વણઉકેલાયેલા વિવાદોને કારણે, તેમની પાસેથી યજમાની અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. જોકે, કયા દેશ ટુર્નામેન્ટનું આયોજન કરશે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

ઈએસપીએન ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં લાંબા સમયથી ચાલી આવતી સરકારી અને રાજકીય દખલગીરી બોર્ડ માટે સમસ્યા બની ગઈ છે .આઈસીસીના નિયમો અનુસાર, દરેક દેશના ક્રિકેટ બોર્ડે સરકારી દબાણ વિના સ્વતંત્ર રીતે કાર્ય કરવું જોઈએ. આઈસીસીએ શ્રીલંકાને વારંવાર આ સિસ્ટમમાં સુધારો કરવા વિનંતી કરી હતી, પરંતુ કંઈ પ્રાપ્ત થયું નથી. પરિણામે,આઈસીસીએ કડક વલણ અપનાવ્યું છે અને શ્રીલંકાને મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી માટે યજમાની અધિકારો છીનવી લીધા છે.




શ્રીલંકા ક્રિકેટના અધિકારી પ્રકાશ શફતરે પોતે પુષ્ટિ આપી હતી કે મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી હવે શ્રીલંકામાં યોજાશે નહીં. તેમણે જણાવ્યું હતું કે ટુર્નામેન્ટને બીજા દેશમાં ખસેડવામાં આવી છે, જોકે નવા સ્થળને હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી અને વિગતો હજુ જાહેર કરવાની બાકી છે. જોકે, છ ટીમોની આ ટુર્નામેન્ટ સમયપત્રક મુજબ યોજાશે. ભારતને હવે આ ટુર્નામેન્ટ માટે હોસ્ટિંગ અધિકારો આપવામાં આવી શકે છે. નવા યજમાન દેશની જાહેરાત ઓક્ટોબરમાં ઝઝની આગામી બોર્ડ મીટિંગમાં સત્તાવાર રીતે કરવામાં આવશે.ટોચના ક્રમાંકિત ટીમો યજમાન દેશ સાથે ક્વોલિફાય થશે. ૨૦૨૭ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. નિયમો અનુસાર, ફક્ત યજમાન દેશ અને ટોચના ક્રમાંકિત ટીમો જ આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થાય છે. શ્રીલંકાની મહિલા ટીમ હાલમાં આઈસીસી રેક્િંગમાં છઠ્ઠા ક્રમે છે, અને હોસ્ટિંગ અધિકારો ગુમાવ્યા પછી, આ ટુર્નામેન્ટ માટે તેમની સીધી લાયકાત હવે જોખમમાં મુકાઈ ગઈ છે. ત્રણ વર્ષમાં આ સતત બીજી વખત છે જ્યારે શ્રીલંકા પાસેથી કોઈ મોટી આઈસીસી ટુર્નામેન્ટ માટે હોસ્ટિંગ અધિકારો છીનવાઈ ગયા છે.

# જો રૂટની સિદ્ધી : ઈંગ્લેન્ડ વતી એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતનાર કેપ્ટન



લોર્ડ્સ,

જો રૂટની કેપ્ટનશીપ હેઠળ, ઈંગ્લેન્ડે લોર્ડ્સ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને ૧૯૪ રનથી હરાવ્યું. આ જીત સાથે, જો રૂટ હવે એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતનાર ઈંગ્લેન્ડના કેપ્ટન બની ગયા છે. આ સંદર્ભમાં, તેમણે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એન્ડ્રૂ સ્ટ્રોસનો રેકોર્ડ તોડ્યો છે. પાકિસ્તાન સામે ચાલી રહેલી ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં, ઈંગ્લેન્ડે પ્રથમ બે મેચ જીતીને શ્રેણીમાં અજેય લીડ મેળવી છે. ઈંગ્લેન્ડ હવે ક્લીન સ્વીપ પર નજર રાખશે.

જો રૂટ હવે એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ જીત સાથે ઈંગ્લેન્ડના કેપ્ટનોની યાદીમાં ટોચ પર છે. રૂટે અત્યાર સુધી એશિયન ટીમો સામે ૨૨ ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી છે, ૧૫ જીતી છે. એન્ડ્રૂ સ્ટ્રોસે ૨૨ ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી છે, ૧૪ જીતી છે. એલિસ્ટર કૂક ત્રીજા ક્રમે છે. કૂકે ૩૦ ટેસ્ટમાં એશિયન ટીમો સામે કેપ્ટનશીપ કરી છે, ૧૨ જીતી છે. નાસીર હુસૈન અને બેન સ્ટોક્સ સાત-સાત જીત સાથે ચોથા ક્રમે છે.

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચમાં, પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે તેમની પ્રથમ ઈનિંગમાં ૨૯૦ રન બનાવ્યા હતા. જવાબમાં, પાકિસ્તાન તેમની પ્રથમ ઈનિંગમાં ફક્ત ૧૧૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

# ૭ બોલમાં ૩ વિકેટ સાથે દીપ્તિ શર્મા મહિલા ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર

નવીદિલ્હી,

મહિલા એશિયા કપ ૨૦૨૬ ની ત્રીજી મેચ ભારત અને થાઈલેન્ડ વચ્ચે રમાઈ હતી. આ મેચ ટીમ ઈન્ડિયાની સ્ટાર સ્પિનર દીપ્તિ શર્મા માટે યાદગાર હતી. આ તેની કારકિર્દીની ૧૫૦મી ટી ૨૦ મેચ હતી. આ મેચમાં તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો. આ સાથે, તે હવે મહિલા ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગઈ છે. આ સંદર્ભમાં, તેણીએ થાઈલેન્ડની સ્પિનર થિપાચા પુથાવોંગનો રેકોર્ડ તોડ્યો છે. થાઈલેન્ડ સામેની મેચમાં દીપ્તીએ ૭ બોલમાં ૩ વિકેટ લીધી હતી.




મહિલા ટી૨૦માં સૌથી વધુ વિકેટ લેનાર બોલરોની યાદીનો ઉલ્લેખ કરીએ તો, દીપ્તિ શર્માએ ૧૫૦ મેચમાં ૧૭૧ વિકેટ લીધી છે અને આ યાદીમાં ટોચ પર છે. થાઈલેન્ડની થિપાચા પુથાવોંગ બીજા સ્થાને છે, તેણે અત્યાર સુધી ૧૦૯ મેચમાં ૧૭૦ વિકેટ લીધી છે. રવાન્ડાની હેનરિએટ ઈશિમવે ૧૩૪ મેચમાં ૧૬૪ વિકેટ સાથે યાદીમાં ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડની સોફી એક્લેસ્ટોને ૧૧૩ ટી૨૦ મેચમાં ૧૫૪ વિકેટ લીધી છે અને તે ચોથા સ્થાને છે.

એશિયા કપ શરૂ થાય તે પહેલાં, દીપ્તિ અને થિપાચા ૧૬૮ વિકેટ સાથે પ્રથમ સ્થાને હતા. ત્યારબાદ થિપાચાએ હોંગકોંગ સામેની પોતાની પહેલી મેચમાં ૧ વિકેટ લીધી, દીપ્તિને પાછળ છોડીને નંબર વન બની ગઈ. ત્યારબાદ તેણીએ ભારત સામેની મેચમાં વધુ ૧ વિકેટ લીધી, જેનાથી તેણીની કુલ વિકેટ ૧૭૦ થઈ ગઈ. જોકે, દીપ્તિ શર્માએ થાઈલેન્ડ સામેની મેચમાં ૩ વિકેટ લઈને થિપાચાને પાછળ છોડી દીધી. તેણીએ આ મેચમાં ૧.૧ ઓવર ફેંકી, એક પણ રન આપ્યા વિના ત્રણ વિકેટ લીધી.

ભારત મહિલા અને થાઈલેન્ડ મહિલા વચ્ચે રમાયેલી મેચમાં, ટીમ ઈન્ડિયાએ ૯૪ રનથી મોટી જીત નોંધાવી. ટીમ ઈન્ડિયાએ એશિયા કપમાં પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી છે. પહેલા બેટિંગ કરતા, ભારતે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવ્યા.

# લોર્ડ્સ ટેસ્ટ હાર્યા બાદ કેપ્ટન બાબર આઝમે બેટ્સમેન અને બોલરોની આકરી ટીકા કરી

લોર્ડ્સ,

પાકિસ્તાન ક્રિકેટ ટીમનો ઈંગ્લેન્ડનો વિનાશક પ્રવાસ રહ્યો છે. લોર્ડ્સમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને ૧૯૪ રનથી મોટી હારનો સામનો કરવો પડ્યો, જે શ્રેણીમાં તેની સતત બીજી હાર છે. આ કારમી હારથી કેપ્ટન બાબર આઝમના પ્રદર્શન અને કેપ્ટનશીપ પર પ્રશ્નો ઉભા થયા છે. લોર્ડ્સ ટેસ્ટ હાર્યા બાદ, કેપ્ટન બાબર આઝમે બેટ્સમેન અને બોલરો બંનેની આકરી ટીકા કરી હતી. તેમનું માનવું છે કે ટીમને દરેક ક્ષેત્રમાં સુધારો કરવાની જરૂર છે.




મેચ પછી, કેપ્ટન બાબર આઝમે સ્વીકાર્યું કે તેમની ટીમ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નહીં. તેમણે સમજાવ્યું કે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય વાદળછાયા વાતાવરણનો લાભ લેવા માટે લેવામાં આવ્યો હતો. બોલરોએ શરૂઆતમાં સારું પ્રદર્શન કર્યું, જેના કારણે ઈંગ્લેન્ડ ચાર વિકેટે ૮૦ રનમાં સમેટાઈ ગયું. બાબરના મતે, પાકિસ્તાન પાસે ઈંગ્લેન્ડને સંપૂર્ણપણે હરાવવાની સારી તક હતી, પરંતુ ટીમ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહી.

મેચ પછી, જ્યારે બાબરને પૂછવામાં આવ્યું કે શું ઈંગ્લેન્ડ ચાર વિકેટે ૮૦ રન ગુમાવ્યા પછી તેણે પોતાની રણનીતિ બદલી હોત, ત્યારે તેણે કહ્યું કે ટીમે યોજના મુજબ કામ કર્યું. બાબરના મતે, પાકિસ્તાને ભાગીદારી બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈંગ્લેન્ડના બેટ્સમેન વચ્ચે મજબૂત ભાગીદારીએ મેચ પલટી નાખી. ટીકાકારો બાબરના પ્રતિભાવથી ખૂબ જ નારાજ છે. તેઓ માને છે કે તે સમયે રક્ષણાત્મક બનવાને બદલે, પાકિસ્તાને વધુ આક્રમક બનવું જોઈતું હતું અને ઈંગ્લેન્ડને ઝડપથી આઉટ કરવું જોઈતું હતું.

પાકિસ્તાને હવે ઈંગ્લેન્ડ સામે શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ રમવાની છે.

# શૂટિંગ દરમિયાન ઈજા થયા બાદ રશ્મિકા મંદાનાએ ઘરે આરામ કર્યો, હવેકામ પર પરત ફરશે



મુંબઈ,

રશ્મિકા મંડન્ના આખરે હિપ ઈજા પછી કામ પર પાછા ફરવા અંગે અપડેટ આપી છે, જેના કારણે આ વર્ષની શરૂઆતમાં તેનું કામ અટકી ગયું હતું. "મૈસા" ના ડાન્સ સિક્વન્સનું શૂટિંગ કરતી વખતે હિપ ઈજા થયા પછી, અભિનેત્રીએ હવે એક નવી પોસ્ટમાં તેના સ્વાસ્થ્ય અપડેટ્સ શેર કર્યા છે, જેમાં ખુલાસો થયો છે કે તે ઘરે સમય વિતાવવાનું સૌથી વધુ મિસ કરશે.

શૂટિંગ દરમિયાન હિપ ઈજા થયા બાદ રશ્મિકા મંડન્નાએ તાજેતરમાં જ અભિનયમાંથી વિરામ લીધો હતો. પોતાની ઈજાની ચર્ચા કર્યાના લગભગ એક મહિના પછી, અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે તે ટૂંક સમયમાં કામ પર પરત ફરશે.

તાજેતરની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, રશ્મિકા મંડન્નાએ પોતાની ઈજામાંથી સ્વસ્થ થઈને ઘરે પોતાના પ્રિયજનો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવતા ફોટા શેર કર્યા છે. ફોટામાં તેણી પૂજા કરતી, તેના કૂતરા સાથે રમતી, ચિત્ર કોયડાઓ ઉકેલતી, બગીચામાં આરામ કરતી અને અન્ય વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણતી જોવા મળે છે. વિડિઓઝ અને ફોટાઓના કેરોયુઝલમાં, રશ્મિકાએ શેર કર્યું કે ભલે તે કામ પર પાછી ફરી રહી હોય, પણ તે ઘરે વિતાવેલા સમયને યાદ કરશે. તેણીએ પોસ્ટને કેપ્શન આપ્યું, "હું ટૂંક સમયમાં કામ પર પાછી આવી છું અને હું ચોક્કસપણે તે બધું યાદ કરીશ!"તેણીની ઈજા પહેલા, રશ્મિકા એક સાથે ઘણી ફિલ્મોમાં કામ કરી રહી હતી.

# આફતની સ્થિતીમાં મનીષા કોઈરાલાએ ભારત, ચીન અને નેપાળને સાથે મળીને કામ કરવા અપીલ કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી મનીષા કોઈરાલાએ ભારત, ચીન અને નેપાળને સાથે મળીને કામ કરવા અપીલ કરી છે કારણ કે દેશ અચાનક પૂરની દુર્ઘટનાનો સામનો કરી રહ્યો છે. અભિનેત્રીએ ૩૦ ઓગસ્ટ, રવિવારના રોજ આધ્યાત્મિક નેતા સદ્ગુરુના નેતૃત્વમાં "ઈન સોલિડેરિટી વિથ નેપાળ" નામના એક ખાસ એકતા કાર્યક્રમમાં આ અપીલ કરી હતી. મનીષાએ ગ્લોબલ વોર્મિંગને તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરના એક કારણ તરીકે ગણાવ્યું હતું. તેમણે પડોશી દેશોને હવામાન સંબંધિત આફતોના વધતા જોખમનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાની અપીલ કરી. અગાઉ, અનુપમ ખેરે સોશિયલ મીડિયા પર લોકોને એકબીજાને મદદ કરવા અપીલ કરી હતી.

શેર કરાયેલા એક વીડિયોમાં, અભિનેત્રીએ કહ્યું, "આપણે ગ્લોબલ વોર્મિંગની પ્રતિકૂળ અસરોનો સામનો કરી રહ્યા છીએ. આપણા આગામી પગલાં શું હોવા જોઈએ? હું વિનંતી કરું છું કે આપણે, માનવી તરીકે અને આપણા મહાન પડોશીઓ - ચીન, ભારત અને નેપાળ - સાથે મળીને કંઈક કરીએ. આપણે એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છીએ અને આવી બાબતો ટાળવાનો પ્રયાસ કરીએ છીએ. હું આશા રાખું છું અને પ્રાર્થના કરું છું કે આપણે આ વિનાશક ક્ષણને સમજીએ અને વધુ સારા માણસો બનીએ. ચાલો આપણે આપણી જાતને મદદ કરીએ તેમ બીજાઓને પણ મદદ કરીએ."

મનીષા કોઈરાલાએ આંતરરાષ્ટ્રીય સમુદાયને નેપાળ માટે પોતાનો ટેકો ચાલુ રાખવાની પણ અપીલ કરી. તેણીએ આગળ કહ્યું, "હું બધા આંતરરાષ્ટ્રીય સમુદાયને પણ વિનંતી કરવા માંગુ છું, હું તમારા સતત પ્રેમ અને સમર્થન માટે પ્રાર્થના કરું છું. એક દેશ તરીકે, આપણને આપણા દેશની મુલાકાત લેવા માટે લોકોની જરૂર છે. આપણે નથી ઈચ્છતા કે આપણી પ્રતિષ્ઠા 'ઓહ, આ દેશ આફતોથી ભરેલો છે.' એવી બને. આપણે બધા અહીં આવીને મુસાફરી કરીએ. હા,



તિબેટ અને નેપાળ સરહદ પર એક આફત આવી છે, પરંતુ પર્યટન જીવનના શ્વાસ જેવું છે."મનીષાના શબ્દો એવા સમયે આવ્યા છે જ્યારે નેપાળ વિનાશક પૂરનો સામનો કરી રહ્યું છે.નેપાળમાં અચાનક પૂરથી મૃત્યુઆંક ૭૮૧ પર પહોંચી ગયો છે કારણ કે બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી મૃતદેહો બહાર કાઢવાનું ચાલુ રાખ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨,૫૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે. ૨૬ ઓગસ્ટના રોજ નેપાળ-તિબેટ સરહદ નજીક એક ગ્લેશિયર તૂટી પડતાં બરફ અને ખડકોનો હિમપ્રપાત થયો હતો, જેના કારણે પાણી, કાદવ અને કાટમાળનો મોટો પ્રવાહ નીચે તરફ વહી ગયો હતો. પૂરે ઉત્તર અને મધ્ય નેપાળના કેટલાક ભાગોમાં વિનાશ વેર્યો હતો, નગરો અને ગામડાઓનો નાશ કર્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | શ | લ | બૂ | પ્ર | ન | ભ | ભા | અં | લા | ઔ | ર |
| ખ | ખ | પ્રા | મા | ક | ક | મ | તી | ક | ણા | પ્ર | કા |
| ક્રો | કી | દ | કા | દ | ળ | રો | ગ | ગ | મ | ગી | બિ |
| આ | જી | ક | બ | દા | ળ | ભો | ળ | સ | ણા | ગી | ફ |
| ર | ધ | ધ | ણ | રા | ક | ર | ઐ | કા | સા | ર | બ |
| ખ | વા | બા | પ્ર | લ | બ | લ | લા | ર | જ | ર | રો |
| અ | કા | આ | મા | ગં | ણા | ર | ક | ર | શિ | ર | ળો |
| સ | મ | ડી | ઔ | ર | ચી | પ્રા | મા | ણિ | ક | ર | ત |
| ર | કા | હિ | ણિ | એ | બં | બા | ઈ | કા | ગ | પ્ર | શ |
| વા | ડી | દ | મા | ઔ | ક્ષ | દ | આ | ર | ર | સા | શિ |
| અ | રા | ગ | કી | રા | ર | બા | કી | હિ | ર | દ | ર |
| સ | ણે | મા | બ | આ | ર | કી | કા | કા | ર | ક્ષ | બા |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી અને અભિનેતા સની દેઓલ ફરી એકવાર સાથે કામ કરવા તૈયાર



મુંબઈ,

ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી અને અભિનેતા સની દેઓલ ફરી એકવાર સાથે કામ કરવા તૈયાર છે. આ વખતે, તેઓ સનીની ૧૯૯૬ની વખાણાયેલી એક્શન ફિલ્મ 'ઘાટક'માંથી એક પ્રિય પાત્ર પરત લાવી રહ્યાં છે. ફિલ્મ નિર્માતાએ પુષ્ટિ આપી છે કે તેમના આગામી પ્રોજેક્ટનું નામ "ઘાતક ઘુસ કે મારેગા" છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સની "ઘાતક ઘુસ કે મારેગા" માંથી તેની ભૂમિકા ફરીથી ભજવશે, પરંતુ નવી ફિલ્મ તેની સિક્વલ નહીં હોય. "પાર્ટીશન ૧૯૪૭" પછી, સની દેઓલ અને રાજકુમાર સંતોષી હવે "ઘાતક ઘુસ કે મારેગા" માટે જોડાયા છે.

રાજકુમાર સંતોષીએ તેમની ૧૯૯૪ ની ફિલ્મ "અંદાઝ અપના અપના" ની દુનિયા પર આધારિત બીજા પ્રોજેક્ટની પણ પુષ્ટિ કરી છે. "અદા અપના અપના" શીર્ષકવાળી આ ફિલ્મમાં સંપૂર્ણપણે નવી વાર્તા હશે, પરંતુ મૂળ ફિલ્મના કોમેડી અને સાહસિક તત્વોને જાળવી રાખવામાં આવશે. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં, સંતોષીએ કહ્યું, "સની અને હું કેટલીક વાર્તાઓ પર કામ કરી રહ્યા છીએ અને અમે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરીશું. આ ફિલ્મ એક્શનથી ભરપૂર છે. તેનું નામ "ઘાતક ઘુસ કે મારેગા" છે. તે સિક્વલ નથી, પરંતુ પાત્ર બનારસના પાત્ર જેવું જ છે."

'ઘાતક ઘુસ કે મારેગા' ફિલ્મ નિર્માતા સંતોષી અને સની દેઓલ વચ્ચેનો બીજો સહયોગ છે. તેઓએ અગાઉ 'ઘાયલ', 'દામિની' અને 'ઘાતક' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.

# પ્રિયંકા ચોપરાએ તેના પતિ અને પરિવાર સાથે બેકસ્ટ્રીટ બોયઝના પ્રદર્શનમાં હાજરી આપી

મુંબઈ,

પ્રિયંકા ચોપરા હાલમાં તેની આગામી ફિલ્મ 'વારાણસી' માટે સમાચારમાં છે. તે તેના શૂટિંગમાં વ્યસ્ત છે. આ દરમિયાન, તે તેના પરિવાર અને પોતાના મનોરંજન માટે પણ સમય કાઢે છે. તાજેતરમાં, તેણીએ તેના પરિવાર સાથે "બેકસ્ટ્રીટ બોયઝ" ના એક પ્રદર્શનમાં હાજરી આપી હતી. તે ત્યાં ડાન્સ કરતી જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર તેના વીડિયો વાયરલ થયા છે.



વાઈરલ વીડિયોમાં પ્રિયંકા ચોપરા તેના પતિ નિક જોનાસ સાથે જોઈ શકાય છે. તેમની સાથે નિક જોનાસનો ભાઈ જોનાસ અને તેની ગર્લફ્રેન્ડ તાતીઆના ગેબ્રિયલ પણ છે.પ્રિયંકા અને નિક પ્રખ્યાત સ્થળ પર બાલ્કનીમાં સાથે ઉભા રહીને સંગીતનો આનંદ માણતા અને ભીડ સાથે ગાતા જોવા મળ્યા હતા. "બેકસ્ટ્રીટ બોયઝ" ગીતો પર ડાન્સ કરતી વખતે આ દંપતી ખૂબ જ ઉત્સાહિત દેખાતા હતા.આ ખાસ ક્ષણ ત્યારે આવી જ્યારે પ્રિયંકા અને નિકે પ્રખ્યાત ગીત "આઈ વોન્ટ ઈટ ધેટ વે" પર ડાન્સ કર્યો. બંને યાદગાર પ્રદર્શનમાં સંપૂર્ણપણે ખોવાયેલા દેખાતા હતા અને બાકીના ભીડ સાથે હિટ ગીતનો આનંદ માણ્યો હતો .પ્રિયંકા ચોપરાએ સફેદ હોલ્ટર-નેક ડ્રેસ પહેર્યો હતો, જ્યારે નિકે મેચિંગ શર્ટ અને કાળા જીન્સ સાથે સફેદ ટી-શર્ટ પહેર્યો હતો. જો જોનાસ અને તાતીઆના પણ તેમની સાથે કોન્સર્ટનો આનંદ માણતા જોવા મળ્યા હતા.

# ભોળેશ્વર જતા પદયાત્રીઓ માટે ઠેર ઠેર સેવા કેમ્પ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરના લાલપુર નજીક આવેલ શ્રી ભોળેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં શિવ આરાધના માટે ભક્તો ઉમટી પડે છે. ખાસ કરીને જામનગરથી રવિવારે રાત્રે ભોળેશ્વરની પદયાત્રાની પરંપરા પ્રચલિત છે. ગત્ રાત્રે પણ ભોળેશ્વર જવા માટે હજારો યાત્રિકોએ નગરથી પ્રસ્થાન કર્યું હતું. દરમિયાન ચંગા ગામ નજીક સરદાર ઈન્ડસ્ટ્રીયલ એરિયા પાસે ઉદ્યોગકારો દ્વારા પદયાત્રિકો માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવેશભાઈ ગાગિયા (બાદશાહભાઈ) સહિતના અગ્રણી ઉદ્યોગકારો તથા સ્વસંયવકોએ પદયાત્રિકોની સેવાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. હર હર મહાદેવના જયકાર સાથે હજારો પદયાત્રિકોએ સોમવારે સવારે શ્રી ભોળેશ્વર મહાદેવના દર્શન કરી યાત્રા સંપન્ન કરી હતી.

## જન્માષ્ટમીના પર્વે દ્વારકામાં સાંસ્કૃતિક કાર્યક્રમ



### પ્રસિદ્ધ લોકગાયિક ગીતા રબારી અને લોકગાયક ભાવેશ આહિર જમાવટ કરશે

દ્વારકા : રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગર તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા આયોજિત અને જિલ્લા વહીવટી તંત્ર, દેવભૂમિ દ્વારકા દ્વારા સંચાલિત દ્વારકા ઉત્સવ ૨૦૨૬નું આયોજન આગામી તા.૪/૯ના રોજ જન્માષ્ટમીના પાવન પર્વે હાથી ગેટની બાજુમાં નગરપાલિકા પાર્કિંગ ગ્રાઉન્ડ, દ્વારકા ખાતે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ લોકગાયક ભાવેશ આહિર તથા લોકગાયિકા ગીતાબેન રબારી દ્વારા લોકડાયરો તથા કૃષ્ણગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે તેમજ ઝાંઝરી ગ્રુપ દ્વારા "મારો દેવ દ્વારકા વાળો" નૃત્ય નાયિકાની પ્રસ્તુતિ કરાશે. આ કાર્યક્રમ નિહાળવા જાહેર જનતાને ખાસ અનુરોધ કરવામાં આવે છે.

## જામનગરના નાણાં ધીરધાર કરનારાઓએ વાર્ષિક ઓડિટેડ સરવૈયું રજુ કરવા આદેશ

જામનગર : જામનગર જિલ્લામાં ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ, ૨૦૧૧ હેઠળ નોંધાયેલ તમામ નાણાં ધીરધાર કરનારાઓએ કલમ-૨૩ તથા તે અન્વયે ઘડાયેલ ગુજરાત નાણાં ધીરધાર નિયમો, ૨૦૧૩ ના નિયમ-૧૬ મુજબ, દરેક નોંધાયેલ નાણાં ધીરધાર કરનારે પોતાના ધંધાના હિસાબોનું વર્ષ દરમિયાનનું ઓડિટ કરાવી, ઓડિટ થયેલ અહેવાલ/વાર્ષિક સરવૈયું નિયત મુદતમાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકાર મંડળીની કચેરી ખાતે ફરજિયાતપણે રજૂ કરવાનું હોય છે.

આમ છતાં, જિલ્લામાં નોંધાયેલ સંખ્યાબંધ નાણાં ધીરધાર કરનારાઓ દ્વારા પોતાનું વાર્ષિક ઓડિટેડ સરવૈયું નિયત મુદતમાં હજુ સુધી રજૂ કરવામાં આવ્યું ન હોવાથી, જિલ્લાના તમામ સંબંધિત નાણાં ધીરધાર કરનારાઓએ પોતાનું વાર્ષિક ઓડિટેડ સરવૈયું ૧૫ સપ્ટેમ્બર સુધીમાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકાર મંડળીની કચેરી ખાતે રજૂ કરાવાનું રહેશે. સમય મર્યાદામાં સરવૈયું રજૂ નહી કરનાર નાણાં ધીરધાર વિરુદ્ધ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ, ૨૦૧૧ની સંબંધિત જોગવાઈઓ મુજબ નિયમાનુસારની શિક્ષાત્મક તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત નાણાં ધીરધાર કરનારની પોતાની રહેશે.

વધુ વિગત માટે કચેરી સમય દરમિયાન રૂબરૂ અથવા drcsjamnagar@gmail.com પર સંપર્ક કરવા જિલ્લા રજિસ્ટ્રાર, સહકાર મંડળીઓની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## લાલપુરના વિદ્યાદીપ શૈક્ષણિક સંકુલમાં ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજાયો





જામનગર : લાલપુર તાલુકાની શ્રી વિદ્યાદીપ શૈક્ષણિક સંકુલ શાળા ખાતે નેશનલ સર્વિસ સ્કીમ-એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ માટે ટીબી રોગ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશને ટીબી મુક્ત કરવાના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના ૧૪ દ્નજીજી સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક આગળ આવી ટીબી દર્દીઓની સહાય માટે 'નિ-ક્ષય મિત્ર' તરીકે નોંધણી કરાવી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય ટીમ દ્વારા ટીબીના લક્ષણો, નિદાન અને સારવાર અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જો કોઈ વ્યક્તિને સતત બે અઠવાડિયાથી વધુ સમય સુધી ખાંસી રહેવી, ગળફામાં લોહી આવવું, ભૂખ ન લાગવી, સતત વજન ઘટવું કે સાંજના સમયે ઝીણો તાવ આવવો અને રાત્રે પરસેવો વળવો જેવા લક્ષણો જણાય તો તુરંત નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ. ટીબીના વહેલા નિદાન માટે સરકારી આરોગ્ય કેન્દ્રો પર છાતીનો એક્સ-રે, ગળફાની તપાસ તેમજ અત્યાધુનિક સીબીનાટ મશીન દ્વારા સચોટ ટેસ્ટ તદ્દન મફત કરી આપવામાં આવે છે. ટીબી ચેપી રોગ હોવા છતાં યોગ્ય સારવારથી સંપૂર્ણપણે મટી શકે છે, અને સરકારી હોસ્પિટલોમાં 'ડોટ્સ' પદ્ધતિ હેઠળ તેની તમામ દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, 'નિ-ક્ષય પોષણ યોજના' હેઠળ ટીબીના દર્દીઓના પૌષ્ટિક આહાર માટે અપાતી નાણાકીય સહાય હવે દર મહિને રૂ. ૫૦૦ થી વધારીને રૂ. ૧,૦૦૦ કરવામાં આવી છે, જે સીધી દર્દીના બેંક ખાતામાં જમા થાય છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ પણ જો આરોગ્ય વિભાગમાં નોંધણી કરાવે તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ તથા લાલપુર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. પી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા ૈરુચિરાગ પરમાર અને લાલપુરૈંઝ્રઝ્ર ના કાઉન્સેલર ધર્મેશભાઈએ સમાજમાંથી ટીબી પ્રત્યેનો ડર અને સામાજિક દૂષણો દૂર કરવા ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે દ્નજીજી ના સ્વયંસેવકોએ પોતાના ગામ અને વિસ્તારમાં લોકોને વહેલી તકે નિદાન અને પૂર્ણ સારવાર લેવા માટે પ્રેરિત કરવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો. આ સેમિનારને સફળ બનાવવા શાળાના આચાર્ય બીનાબેન કાસ્ટા તથા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## સલાયામાં બંદરે મર્કન્ટાઈલ મરીન ડિપાર્ટમેન્ટ દ્વારા ક્રૂ મેમ્બરો માટે 'સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા મુકામે બંદર ઉપર જામનગરના મર્કન્ટાઈલ મરીન ડિપાર્ટમેન્ટ દ્વારા ભારતીયવહાણોના ક્રૂ મેમ્બરો માટે 'સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરાયું હતું. જેમા મોટા પ્રમાણમાં વહાણવટીઓ ભાઈઓ અને ક્રૂ મેમ્બરો હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં ફાયર સુરક્ષા તેમજ દરિયાઈ સફર દરમ્યાન કટોકટીના સમયે લાઈફ જેકેટ તેમજ લાઈફ બોટ અને અન્ય બચાવના સાધનોનો ઉપયોગ બાબતે તાલીમ અપાઈ હતી. તેમજ સ્થળ ઉપર પ્રેક્ટિકલ પણ ફાયર બાબતે સુરક્ષા કેવી રીતે કરવી એની પણ માહિતી અપાઈ હતી.

આ પ્રસંગે એમ.એમ.ડી. કંડલાના પ્રિન્સિપાલ ઓફિસર સતીષ કામત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે દરિયાઈ સુરક્ષાના નિયમોના પાલન પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમના યજમાન તરીકે જામનગર એમ.એમ.ડી.ના સર્વેયર ઈચા. કેપ્ટન અજીત એસ. ટોપ્રોએ ઉપસ્થિત રહીને ક્રૂ મેમ્બર્સને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશનના સેક્રેટરી આદમ ભાયાએ આ કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉઠાવી હતી. તેમજ એસોસિયેશનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં વહાણવટીઓ અને ક્રૂ મેમ્બર્સ હાજર રહ્યા હતા.

## અલિયાબાડા ખાતે યોજાયેલા વિવિધ કાર્યક્રમો

જામનગર : અલિયાબાડાની દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે નવનિયુક્ત તાલીમાર્થીઓ માટે શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી સભર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બે દિવસીય અભિમુખતા કાર્યક્રમમાં પ્રથમ દિવસે એક્સપર્ટ ટોક યોજવામાં આવી હતી અને બીજા દિવસે "વેસ્ટમાંથી બેસ્ટ" રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઇ હતી.

મહાવિદ્યાલયમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓ સંસ્થાની પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ શિક્ષક જીવનના વિવિધ પાસાંઓથી માહિતગાર થાય તે હેતુથી બે દિવસીય અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. જેના પ્રથમ દિવસે મુખ્ય વક્તા ડો. દિલીપભાઈ વ્યાસે વિષય સજ્જતા, અધ્યાપન પદ્ધતિઓ, પપેટ, બાળગીત, અભિનય અને વાર્તાકથન દ્વારા વિષયવસ્તુને રસાળ અને સહેલું બનાવવાની રીતો વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. અને બીજા દિવસે જે.એચ.એમ.વી. હાઈસ્કુલના આચાર્ય શૈલેષભાઇ પટેલે તાલીમાર્થીઓને શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કામગીરી તથા અપેક્ષાઓનો પરિચય કરાવ્યો હતો. જેનું સમગ્ર આયોજન ડો. પ્રશાંત ચૌહાણના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી પંચાયત દ્વારા કરવામાં આવ્યું હતુ.

સંસ્થાના ઈનોવેશન ક્લબ અંતર્ગત "વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ" નિમિત્તે એક્સપર્ટ ટોક યોજવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને પુસ્તક અર્પણ દ્વારા અતિથિ વિશેષના સ્વાગત સાથે થઈ હતી.

મુખ્ય વક્તાએસ. કે. જાડેજાએ તાલીમાર્થીઓને જીવનમાં સાહસનું મહત્વ, ઉદ્યોગ શા માટે અને કેવી રીતે શરૂ કરવો, તે અંગેનું આયોજન અને પોતાના અનુભવો શેર કરીને સાચા અર્થમાં મોટીવેશન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તરી સેશન પણ યોજાયો હતો. કાર્યક્રમનુ આયોજન અને સંચાલન ઈનોવેશન ક્લબના કો-ઓર્ડિનેટર ડો. જે. એચ. લીંબાચીયા દ્વારા આચાર્યશ્રી ડો. રૂપલબેન એસ. માંકડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના દ્નજીજી યુનિટ દ્વારા દેશની સીમા પર તૈનાત જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા "વેસ્ટમાંથી બેસ્ટ" રાખડી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં દ્નજીજીના ૫૪ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રાખડીઓ બનાવી સરહદ પર દેશના જવાનોને મોકલી હતી. સ્પર્ધામાં પ્રથમ નંબરે લાડકા સાનિયા, દ્વિતીય નંબરે કારંગિયા નિશા અને કારંગિયા નિકિતા, અને તૃતિય નંબરે કણઝારીયા નીતિન અને પંડ્યા મૈત્રીબેન વિજેતા બન્યા હતા.

## જામ્યુકોની જમીનમાં દબાણ કરનારનો દાવો રદ

જામનગર : જામનગરના અંબર ચોકડી વિસ્તાર પાસે જુના રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ભીમવાસ શેરી નં.-૧, ૨ અને ૩ ના આસામી ધ્વારા જામનગર મહાનગરપાલિકા સામે દાવો કરેલ અને જ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ ની માંગણી કરી હતી. અને જામનગર મહાનગરપાલીકા તેઓનું રહેણાંક મકાન પાડે નહી કે ખાલી ન કરાવે તથા આ જમીન રેલ્વે ઓથોરીટીની હોય, કોર્પોરેશનને ખાલી કરાવવાનો કોઈ હક નથી તેવો દાવો દાખલ કર્યો હતો.

આ કેસમાં જામનગર મહાનગરપાલિકા તરફથી પેનલ એડવોકેટ કશ્યપ અનુભાઈ ત્રિવેદી ધ્વારા સી.પી.સી.ની જોગવાઈ તથા બી.પી.એમ.સી.ની વિવિધ જોગવાઈઓ તથા ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરવામાં આવ્યા હતા અને દલીલ કરવામાં આવેલ કે જુના રેલ્વે સ્ટેશન વાળી જમીન જામનગર મહાનગરપાલીકાને સોંપી દેવામાં આવેલી છે, તે બાબતનું સેન્ટ્રલ ગર્વમેન્ટનું ગ્રેઝેટ તથા રેલ્વે ઓથોરીટીના પત્રકો રજુ કરવામાં આવેલ અને કોર્ટમાં દલીલ કરવામાં આવેલ કે, દબાણ કરતાંની જમીન ગેરકાયદેસર રીતે, કબજો કરેલ હોય, આસામીઓ તેના માલીક ન હોય તો કોઈપણ જાતના હકક, અધિકાર રહેતા નથી. બીજાની જમીન ઉપર મનાઈ હુકમ મળે નહી, જે દલીલ અને વિવિધ પુરાવાઓ તથા ધારદાર રજુઆતોને ધ્યાનમાં લઈ જામનગરના ૬ ઠા એડી.સીનીયર સીવીલ જજ યુ એસ.પરમાર ધ્વારા વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરેલ છે. જામનગર મહાનગર પાલિકા તરફથી પેનલ એડવોકેટ કશ્યપ અનુભાઈ ત્રિવેદી રોકાયા હતા.

## દડિયા ખાતે બાગાયતી યોજનાઓ અને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ



જામનગર : જામનગર જિલ્લાના જામનગર તાલુકાના દડિયા ગામ ખાતે અનુસૂચિત જાતિના બાગાયત ખેડૂતોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે બાગાયત ખાતા દ્વારા વિશેષ ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમના માધ્યમથી ખેડૂતોને સરકારની વિવિધ બાગાયતલક્ષી સહાય યોજનાઓ વિશે માહિતગાર કરવા સાથે પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દડિયા તેમજ આસપાસના વિસ્તારોમાંથી ૧૦૦ થી વધુ અનુસૂચિત જાતિના બાગાયત ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બાગાયત અધિકારી વાય.એ. ડેર દ્વારા બાગાયતી પાકોના વાવેતર, કૃષિ યાંત્રીકરણ, રક્ષિત ખેતી, ડ્રીપ ઈરિગેશન માટે પાણીના ટાંકા નિર્માણ અને સૉર્ટિંગ-ગ્રેડિંગ યુનિટ માટે મળતી સહાય અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેમણે ખાસ કરીને અનુસૂચિત જાતિના ખેડૂતો માટેની વિશેષ લક્ષિત યોજનાઓ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક વૃદ્ધિ માટે બાગાયત ખેતી એક અત્યંત અસરકારક માર્ગ છે.

ત્યારબાદ બાગાયત અધિકારીશ્રી પી. એ. બારોટ દ્વારા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીન તથા માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો વિશે સમજણ આપી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કર્યું હતું.તેમણે ખેડૂતોને જૂથ બનાવી બજારલક્ષી બાગાયત અપનાવવા, મૂલ્યવર્ધન દ્વારા વધુ નફો મેળવવા તેમજ ખેડૂત ઉત્પાદક સંગઠન અને સ્વ-સહાય જૂથોના માધ્યમથી સંગઠિત થઈ ખેતી કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ તાલીમ દરમિયાન આત્મા પ્રોજેક્ટના મ્્સ શ્રી ફળદુ દ્વારા જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત અને દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક ખાતરો તથા કીટનાશકો ઘરે જ તૈયાર કરવાની પદ્ધતિનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે નિષ્ણાત અધિકારીઓ દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

## જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દુર્ગાવાહિની-માતૃશક્તિ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી



તસવીર : આનંદ લાલ-સલાયા

જામનગર : વિશ્વ હિન્દુ પરિષદ દુર્ગાવાહિની અને માતૃશક્તિ જામનગર દ્વારા પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે વાર્ષિક કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજ અને દેશની રક્ષા માટે રાત-દિવસ સેવારત અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સમાજના વિવિધ ક્ષેત્રના ભાઈઓને રક્ષાસૂત્ર બાંધીને આ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન જામનગર જિલ્લા કલેકટર પી બી પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક (જીૅ) ડૉ. રવિ મોહન સૈની, ડીવાયએસપી વી. કે. પંડ્યા, એએસપી પ્રતિભા મેડમ, મહિલા પોલીસ, ટ્રાફિક પોલીસ, સોનાપુરીના સેવકો, આરએસએસ અને સંગઠનના સ્વયંસેવક ભાઈઓ, સેવાવસ્તી,ડોક્ટરો, દર્દીઓ, ચોકીદાર ભાઈઓ, ૧૦૮ ના ડ્રાઈવર ભાઈઓ, વિવિધ મંદિરોના પૂજારીઓ, અને ફાયર સ્ટેશનના સ્ટાફ, પોલીસ સ્ટાફ આણંદાબાવા સેવા સંસ્થાનના અનાથ આશ્રમ તેમજ વૃદ્ધાશ્રમ સહિત કુલ ૨૧ થી વધુ સ્થાનો પર ઉપસ્થિત ભાઈઓને ભાવપૂર્વક રક્ષાસૂત્ર બાંધીને તેમના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ વાર્ષિક કાર્યક્રમમાં માતૃશક્તિના સૌરાષ્ટ્ર પ્રાંત ટોળી સદસ્ય હીનાબેન અગ્રાવત, દુર્ગાવાહિની પ્રાંત ટોળી સદસ્ય કૃપાબેન લાલ, વિભાગ સંયોજિકા ભાવનાબેન મણીયાર, જિલ્લા દુર્ગાવાહિની વાલી સ્વરૂપબા જાડેજા, સત્સંગ પ્રમુખ પ્રફુલ્લાબેન અગ્રાવત, દુર્ગાવાહિની મહાનગર સહ-સંયોજિકા અર્પિતાબેન પાલેજા, પલકબેન ભાનુશાળી, સ્નેહાબા ચૌહાણ, માતૃશક્તિ સંયોજિકા વર્ષાબેન નંદા, ભાવનાબેન ગઢવી, જાનવીબેન લાલ અને નવ્યાબા ચૌહાણ સહિતના બહેનો જોડાઈને સમગ્ર શહેરમાં રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરી હતી.

## જામનગરના નવાગામઘેડમાં મકાનમાંથી દારૂની ૩૮ બોટલ સાથે શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર શહેરના નવાગામઘેડ વિસ્તારમાં પોલીસે દરોડો પાડી રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૮ બોટલ કિંમત રૂ.૧૧,૪૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

નવાગામઘેડના માડમ ફળી દલિતવાસ વિસ્તારમાં રહેતા દિનેશ ભરતભાઈ પરમાર (ઉ.વ.૩૯, ધંધો-ડ્રાઈવિંગ)ના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૩૮ બોટલ મળી આવી હતી. દારૂનો કુલ મુદ્દામાલ રૂ.૧૧,૪૦૦નો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દિનેશ ભરતભાઈ પરમારને ઝડપી લઈ તેની સામે સીટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધ્યો છે.

# પીએમ મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત : અનેક મુદ્દાઓ પર થઈ ચર્ચા

### બંને નેતાઓએ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા અને પરસ્પર હિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં મહાત્મા ગાંધી સ્મારકની મુલાકાત લીધી અને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

બિશ્કેક,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી. બંને નેતાઓએ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા અને પરસ્પર હિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં મહાત્મા ગાંધી સ્મારકની મુલાકાત લીધી અને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારબાદ તેઓ ભારતીય સમુદાયના સભ્યોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી. વડા



વાતચીત કરી અને તેમના અનુભવો વિશે શીખ્યા.ફેબ્રુઆરીમાં ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલી અંગે બંને તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

વડાપ્રધાન મોદી ફેબ્રુઆરીથી ઈરાની નેતૃત્વ સાથે સંપર્કમાં છે. તેમણે સતત ભાર મૂક્યો છે કે તમામ વિવાદો વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલવા જોઈએ. વડાપ્રધાને મધ્ય પૂર્વમાં સ્થિરતા જાળવવા અને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અટકાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. ૩૦ જૂનના રોજ ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાતચીત દરમિયાન, પીએમ મોદીએ આ ક્ષેત્રમાં વધતા તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે શાંતિ અને સ્થિરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા બદલ પ્રધાનમંત્રીએ પેઝેશ્કિયાનનો પણ આભાર માન્યો. એસસીઓ સમિટ માટે જતા પહેલા પણ, પેઝેશ્કિઆને કહ્યું હતું કે ઈરાન કોઈપણ આક્રમણનો સંપૂર્ણ બળ અને મક્કમતાથી જવાબ આપશે. તેમના નિવેદનને અમેરિકાને સ્પષ્ટ ચેતવણી તરીકે જોવામાં આવ્યું હતું કે સંઘર્ષમાં વધુ વધારો થવાથી મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.

પેઝેશ્કિઆને જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ એક એવો પ્રદેશ છે જેનો ભાગ્ય, ઈતિહાસ અને સભ્યતા હજારો વર્ષ જૂની છે.

# એસિડ હુમલા અટકાવવા સુપ્રીમ કોર્ટની એસિડના છૂટક વેચાણ પર કડક પ્રતિબંધો લાદવા વિચારણા

### બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોને પરંપરાગત ઉપચાર પદ્ધતિઓથી બચાવવા અને જાગૃતિ ફેલાવવા ભૂમિકા ભજવી શકે

નવીદિલ્હી,

એસિડ હુમલા સંબંધિત જાહેર હિતની અરજીની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે છૂટક દુકાનોમાં એસિડના વેચાણ પર સખત પ્રતિબંધ મૂકવાની અથવા સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની શક્યતા પર વિચાર કર્યો. કોર્ટેઆ બાબતે સંબંધિત અધિકારીઓ પાસેથી જવાબ માંગ્યા છે. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોને પરંપરાગત ઉપચાર પદ્ધતિઓથી બચાવવા અને આ મુદ્દા વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સુનાવણી દરમિયાન, એક અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે વર્તમાન સરકારી માર્ગદર્શિકા જૂની છે. તેમણે કહ્યું હતું કે સરકાર હંમેશા પગલાં લેવાની વાત કરે છે, પરંતુ ઈચ્છિત કાર્યવાહી જમીન પર દેખાતી નથી. અરજદારે જણાવ્યું હતું કે તે ૧૭ વર્ષ પહેલાં એસિડ હુમલાનો ભોગ બન્યો હતો અને હજુ પણ ઊંઘની ગોળીઓ લે છે.

તેમણે કહ્યું હતું કે આવા હુમલાની માનસિક અને શારીરિક અસર અત્યંત ગંભીર છે અને તે વ્યક્તિનું આખું જીવન બરબાદ કરી શકે છે. તેમણે કોર્ટને એમ પણ કહ્યું હતું કે તે ૧૪ વર્ષના બાળક સહિત ત્રણ અન્ય પીડિતોને જાણે છે. અરજદારે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટ પીડિતો માટે છેલ્લી આશા છે.સુનાવણી દરમિયાન, કોર્ટે એ પણ નોંધ્યું કે બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોની સારવાર અંગે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે સારવારની પરંપરાગત પદ્ધતિઓના ઉપયોગ સાથે સંકળાયેલા જોખમો વિશે જાગૃતિ લાવવાના મહત્વ પર ભાર મૂક્યો.

# વડાપ્રધાન મોદીએ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના ૭.૮% જીડીપી વૃદ્ધિને અસાધારણ સિદ્ધિ ગણાવી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ વિશે ટ્વિટ કર્યું. તેમણે ૭.૮ ટકાના વિકાસને અસાધારણ સિદ્ધિ ગણાવી. આ આંકડો દેશની મજબૂત આર્થિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે અને વૈશ્વિક મંચ પર ભારતની વધતી જતી શક્તિનો પુરાવો છે.

પોતાના ટ્વિટમાં, વડા પ્રધાને કહ્યું કે આ વૃદ્ધિ દેશના લોકોની સામૂહિક શક્તિનું પરિણામ છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ, તેલના ભાવમાં આંચકા અને પુરવઠા શૃંખલાની સમસ્યાઓ છતાં ભારતે આ વૃદ્ધિ હાંસલ કરી. તેમણે કહ્યું કે નિરાશાવાદીઓ નિષ્ફળ ગયા, અને ભારત ફરી એકવાર ખીલ્યું. આ વૃદ્ધિ દર ઘણા વિકસિત દેશો કરતા સારો છે.

આ ઉચ્ચ વૃદ્ધિ એવા સમયે આવી છે જ્યારે વિશ્વભરમાં આર્થિક પડકારો ચાલુ છે. તેલના વધતા ભાવ અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપો વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહ્યા છે. આ હોવા છતાં, ભારતે મજબૂત આર્થિક પ્રદર્શન દર્શાવ્યું છે. આ દેશની આંતરિક તાકાત અને સરકારી નીતિઓનું પરિણામ છે. આ આંકડો ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતાને દર્શાવે છે.જુલાઈમાં ભારતનો ઔદ્યોગિક વિકાસ દર ૬.૭% હતોઃ ખાણકામ ક્ષેત્રમાં ઘટાડાથી ગતિ ધીમી પડી, જ્યારે ઈલેક્ટ્રિકલ ઉપકરણોએ ટેકો પૂરો પાડ્યો. વડા પ્રધાન મોદીએ આ વૃદ્ધિને દેશના લોકોની સામૂહિક શક્તિનું પ્રતીક ગણાવ્યું.

# નેપાળ દુર્ઘટનામાં ૩૯ દેશોના અંદાજે ૫૯૦ જેટલા વિદેશી નાગરિકો હજુ પણ ગુમ

### પૂરથી પ્રભાવિત વિસ્તારોમાંથી ૩૨૩ થી વધુ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા

કાઠમાંડૂ,

નેપાળમાં આવેલા ભારે પૂરથી એક જ ઝટકામાં લોકો બેઘર થઈ ગયા છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. નેપાળના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તાજેતરના વિનાશક પૂરથી પ્રભાવિત વિસ્તારોમાંથી ૩૨૩ થી વધુ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે ૩૯ દેશોના આશરે ૫૯૦ વિદેશી નાગરિકો હજુ પણ ગુમ છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકાર પડોશી દેશો અને



આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સતત સંપર્ક અને સંકલન જાળવી રહી છે. મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો હજુ પણ ગુમ છે, તેથી મંત્રાલયમાં એક સમર્પિત કટોકટી નિયંત્રણ ખંડ સ્થાપિત કરવામાં આવ્યો છે, જે સંબંધિત એજન્સીઓ તેમજ ગુમ થયેલા લોકોના પરિવારો સાથે સંકલન કરી રહ્યું છે.

રાજદ્વારી મિશન દ્વારા વિદેશી નાગરિકો અંગેની ચકાસાયેલ માહિતી સતત શેર અને અપડેટ કરવામાં આવી રહી છે. મિશન ગુમ થયેલા લોકોના પરિવારો સાથે સંપર્ક સ્થાપિત કરવામાં, જરૂરી સહાય પૂરી પાડવામાં અને મૃતદેહોની ઓળખ અને સ્વદેશ પરત મોકલવામાં પણ મદદ કરી રહ્યા છે. નેપાળ વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત અને ચીનની નિષ્ણાત ટેકનિકલ ટીમો સુરંગોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે નેપાળ પહોંચી છે.

# દેહરાદૂનમાં રાહુલ ગાંધી સામેની એફઆઈઆર સામે કોંગ્રેસનો વિરોધ

દહેરાદુન,

ઉત્તરાખંડ કોંગ્રેસે વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે નોંધાયેલી એફઆઈઆર સામે વિરોધ શરૂ કર્યો છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સૂર્યકાંત ધસ્માના સોમવારે ડીજીપી કાર્યાલય પહોંચ્યા અને પોલીસ મહાનિર્દેશકને એક આવેદનપત્ર સુપરત કર્યું. કોંગ્રેસ પક્ષે એફઆઈઆર તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે.

એફઆઈઆરમાં એસસી/એસટી કાયદા હેઠળની કલમો લાગુ કરવામાં આવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે રાહુલ ગાંધીએ ૨૯ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન ૧૧ ઓગસ્ટના રોજ હલ્દવાનીના રામલીલા મેદાનમાં આયોજિત સફાઈ અને ધાર્મિક વિધિઓ અંગે અપમાનજનક ટિપ્પણી કરી હતી. કોંગ્રેસ પક્ષે રાહુલ ગાંધી સામે દાખલ કરાયેલા કેસને ખોટો, પાયાવિહોણો અને રાજકીય દ્વેષથી પ્રેરિત ગણાવ્યો છે.

રાજ્ય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સૂર્યકાંત ધસ્માનાએ જણાવ્યું હતું કે ૮ ઓગસ્ટના રોજ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની રેલી પછી, કેટલાક હિન્દુ સંગઠનોએ હલ્દવાનીના રામલીલા મેદાનને શુદ્ધ કર્યું હતું. ધસ્માનાએ આરોપ લગાવ્યો હતો કે વીડિયો પુરાવા હોવા છતાં, પોલીસે હજુ સુધી આ મામલે કેઈ દાખલ કરી નથી, જ્યારે ફરિયાદ મળ્યાના ૨૪ કલાકની અંદર રાહુલ ગાંધી વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

# પેટ્રોલ પંપ પર ઈથેનોલનું પ્રમાણ દર્શાવવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

### કોર્ટે અરજદારને તેની ફરિયાદ સાથે હાઈકોર્ટનો સંપર્ક કરવાની તક આપી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પેટ્રોલ પંપ નોઝલ અને પેટ્રોલ બિલ અથવા રસીદો પર પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની ટકાવારી દર્શાવવાનું ફરજિયાત બનાવવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે અરજદારને તેની ફરિયાદ સાથે સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરવાની તક આપી. સુપ્રીમ કોર્ટે ઈ૨૦ પેટ્રોલ સંબંધિત અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે દેશભરના પેટ્રોલ પંપ પર પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની




ચોક્કસ ટકાવારી નોઝલ પર સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે અને પેટ્રોલ રસીદ અથવા બિલ પર પણ જાહેર કરવામાં આવે. ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પ્રસન્ના બી. વરાલેની બેન્ચે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે અરજદાર અને એડવોકેટ નરેન્દ્ર કુમાર ગોસ્વામી તેમની ફરિયાદોના નિરાકરણ માટે સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરી શકે છે.

સુનાવણી દરમિયાન, અરજદારે દલીલ કરી હતી કે ગ્રાહકોને તેઓ ખરીદતા પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની માત્રા જાણવાનો અધિકાર છે. તેમણે કોર્ટ સમક્ષ પેટ્રોલ રસીદનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ત્યાં ઈથેનોલની માત્રાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અરજદારે દલીલ કરી હતી કે આ ફક્ત વ્યક્તિગત મામલો નથી પરંતુ નાગરિકોના અધિકારો સાથે સંબંધિત મુદ્દો છે. એટર્ની જનરલે અરજીના ફોર્મ સામે વાંધો ઉઠાવ્યો હતો, તેને "પ્રોક્સી અરજી" ગણાવી હતી.

# ગોવા નાઈટક્લબ આગઃ સુપ્રીમ કોર્ટે જામીન રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો

### નાઈટક્લબના માલિકો અને તેમના બિઝનેસ પાર્ટનરને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આપ્યો આદેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૦૨૫ ના ગોવા નાઈટક્લબ આગ કેસમાં ત્રણ આરોપીઓને આપવામાં આવેલા જામીન રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. આગમાં પચીસ લોકોના મોત થયા હતા.

ન્યાયાધીશ દીપાંકર દત્તા અને શીલ નાગુની બેન્ચે નાઈટક્લબના માલિકો સૌરવ લુથરા, ગૌરવ લુથરા અને તેમના બિઝનેસ પાર્ટનર અજય ગુપ્તાને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો.

સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટને કેસની સુનાવણી ઝડપી બનાવવાનો પણ નિર્દેશ આપ્યો. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, આર્પોરામાં બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં ભીષણ આગ લાગી હતી, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦ અન્ય ઘાયલ થયા હતા.

૧૮ ઓગસ્ટના રોજ, બોમ્બે હાઈકોર્ટે ત્રણ આરોપીઓના જામીન રદ કર્યા હતા. હાઈકોર્ટે જણાવ્યું હતું કે નીચલી કોર્ટે તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમાં લીધી નથી અને તે નિષ્કર્ષ પર ભૂલ કરી છે કે ગુનો હત્યા કે લૂંટ જેટલો ગંભીર નથી.

# દિલ્હીમાં એસઆઈઆર પ્રક્રિયા હેઠળ ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા

### ચૂંટણી પંચે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડી

નવીદિલ્હી,

ચૂંટણી પંચ દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ની પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યું છે. આ પ્રક્રિયા હેઠળ, મોટી સંખ્યામાં લોકોને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચ જણાવે છે કે એસઆઈઆરનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશમાં કોઈ પણ લાયક મતદાર મતદાર યાદીમાંથી બાકાત ન રહે અને કોઈ પણ અયોગ્ય મતદાર મતદાર યાદીમાંથી બાકાત ન રહે. આ સંદર્ભમાં, ચૂંટણી પંચે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી પણ બહાર પાડી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે માહિતી આપી છે કે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી છે. આ પ્રક્રિયાથી દિલ્હીના ૧૪.૫ મિલિયન મતદારોમાંથી ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે. માહિતી અનુસાર, દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાં આશરે ૯.૭૫ મિલિયન મતદારોનો સમાવેશ થાય છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે જેમના નામ મતદાર યાદીમાં શામેલ નથી તેઓ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ફોર્મ ૬ અને જરૂરી દસ્તાવેજોનો ઉપયોગ કરીને પોતાના દાવા રજૂ કરી શકે છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અપડેટેડ સમયપત્રક મુજબ, સબમિટ કરાયેલા દાવાઓ અને વાંધાઓની તપાસ કરવામાં આવશે, અને નોટિસ અને સમાધાન પ્રક્રિયા ૨૯ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.

# વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતમાં ૭% થી વધુ મજબૂત જીડીપી વૃદ્ધિ : સીતારમણ

### ભારતે સ્થાનિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપતાં વૈશ્વિક વિકાસ પર સતત નજર રાખી

નવીદિલ્હી,

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે, ભારતીય અર્થતંત્રે તેની તાકાત સાબિત કરી છે અને દેશના સામાન્ય નાગરિકોના હિતોનું રક્ષણ કર્યું છે. શિકાગોમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ભારતે સ્થાનિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપતાં વૈશ્વિક વિકાસ પર સતત નજર રાખી છે. પરિણામે, વૈશ્વિક કટોકટી છતાં, ભારતીય ખેડૂતો, પરિવારો અને લોજિસ્ટિક્સ સિસ્ટમ્સ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા છે.નાણામંત્રીએ કહ્યું કે જ્યારે ઘણા દેશોના આર્થિક અંદાજો ખોરવાઈ ગયા છે, ત્યારે ભારતે તેની મર્યાદાઓ છતાં, પડકારજનક વાતાવરણમાં તેના નાગરિકોને સુરક્ષિત રાખ્યા છે.

નાણામંત્રીના મતે, ભારતની સફળતાનો પાયો વૈશ્વિક ફેરફારોને સતત ટ્રેક કરવાની તેની ક્ષમતા છે અને સાથે સાથે સ્થાનિક જરૂરિયાતોને પણ સમજી શકે છે. આ નીતિગત કુશળતાએ દેશને મોટા આર્થિક આંચકાઓથી બચાવ્યો છે.

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળા પછી ભારતે સતત સાત ટકાથી વધુનો જીડીપી વૃદ્ધિદર જાળવી રાખ્યો છે, અને આ વર્ષનો વિકાસ દર આ શ્રેણીમાં રહેશે.કોવિડ-૧૯, રશિયા-યુક્રેન યુદ્ધ, ટેરિફ અનિશ્ચિતતાઓ અને ઈરાન-યુએસ સંઘર્ષ જેવા ગંભીર વૈશ્વિક પડકારો છતાં આ વૃદ્ધિ પ્રાપ્ત થઈ છે.

નાણાકીય શિસ્ત અંગે, નાણામંત્રીએ જણાવ્યું કે સરકારનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં સરકારી ઉધાર ઘટાડીને જીડીપીના ૫૦ ટકા સુધી લાવવાનું છે. ઘણા વિકસિત દેશો હાલમાં તેમના જીડીપીના ૨૦૦ ટકાથી વધુ દેવું ધરાવે છે, જ્યારે ભારતે તેના નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કર્યા છે. ૨૦૨૫-૨૬ સુધીમાં નાણાકીય ખાધ મર્યાદિત કરવાનો અંતિમ ધ્યેય પ્રાપ્ત થયો છે. તેમણે આ માટે ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડા પ્રધાન તરીકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નાણાકીય શિસ્તના રેકોર્ડને શ્રેય આપ્યો.

નાણામંત્રીએ સ્પષ્ટતા કરી કે સામાજિક કલ્યાણ યોજનાઓ માટે સંસાધનોમાં કાપ મૂકીને ક્રેડિટ રેટિંગમાં સુધારો થઈ રહ્યો નથી. તેનાથી વિપરીત, સરકાર યોગ્ય આર્થિક વ્યવસ્થાપન અને નાણાકીય શિસ્ત દ્વારા તેના ક્રેડિટ રેટિંગમાં સુધારો કરી રહી છે જેથી કલ્યાણકારી યોજનાઓ પ્રભાવિત ન થાય.

૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્ય પર, નાણામંત્રીએ કહ્યું કે આ લક્ષ્ય તરફ સુધારાની ગતિ અને સ્કેલ વધારવાની જરૂર છે. આ માટે, તેમણે ભારતીય ડાયસ્પોરા પાસેથી ત્રણ ક્ષેત્રોમાં સમર્થન માંગ્યુંઃ વૈશ્વિક અનુભવ ધરાવતા પ્રતિભાશાળી લોકો, દેશને આગળ વધારવા માટે નવા વિચારો અને મૂડી રોકાણ.

# હિમાચલ પ્રદેશમાં વરસાદનો કહેર યથાવત ચોમાસા દરમિયાન કુલ ૨૫૩ લોકોના મોત

### છેલ્લા ૨૪ કલાકમાં, વરસાદને કારણે ૯૮ રસ્તા બંધ, ૧૦૭ ટ્રાન્સફોર્મર પ્રભાવિત : વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે ૧૧૮૪ કરોડ રૂપિયાનું નુકસાન

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ચોમાસાનો કહેર ચાલુ છે. રાજ્ય આપત્તિ સંચાલન કેન્દ્ર અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં, વરસાદને કારણે ૯૮ રસ્તા બંધ થઈ ગયા છે, ૧૦૭ ટ્રાન્સફોર્મર પ્રભાવિત થયા છે અને ૩૭ પીવાના પાણીની યોજનાઓ ખોરવાઈ ગઈ છે. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ૩૦ ઓગસ્ટની સાંજ સુધીમાં ૬૪ રસ્તા, ૨૨૬ ટ્રાન્સફોર્મર અને નવ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ હતી. ત્યારબાદ, ૩૧ ઓગસ્ટની સવાર સુધીમાં રસ્તા બંધ થવાની સંખ્યા વધીને ૯૮ થઈ ગઈ.

જિલ્લા સ્તરે, મંડીમાં સૌથી વધુ રસ્તા બંધ થયા છે, જેમાં ૪૩ રસ્તા અને ૮૯ ટ્રાન્સફોર્મર પ્રભાવિત થયા છે. ચંબામાં ૧૫ રસ્તા અને પાંચ ટ્રાન્સફોર્મર, કુલ્લુમાં ૧૬ રસ્તા, સોલનમાં ચાર રસ્તા અને પાંચ ટ્રાન્સફોર્મર, સિરમૌરમાં પાંચ રસ્તા અને શિમલામાં બે રસ્તા છે. કાંગડામાં સાત અને ઉનામાં ચાર રસ્તા પણ પ્રભાવિત થયા છે. વરસાદને કારણે પીવાના પાણીનો પુરવઠો પણ પ્રભાવિત થયો છે. હમીરપુરમાં ૩૭ પાણી પુરવઠા યોજનાઓ ખોરવાઈ ગઈ છે, જે રાજ્યમાં સૌથી વધુ છે.

૩૦ જૂનથી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીના સંચિત અહેવાલ મુજબ, ચોમાસાની ઋતુ દરમિયાન હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતો/અન્ય ઘટનાઓને કારણે ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે ૧૪૯ માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામ્યા હતા. આનો અર્થ એ થયો કે ચોમાસાની ઋતુ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૨૫૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કુદરતી આફતોને કારણે શિમલા અને કાંગડામાં સૌથી વધુ મૃત્યુ (દરેક ૧૬) નોંધાયા છે, ત્યારબાદ મંડી (૧૦), સિરમૌર (૧૪) અને ચંબા (૧૩) છે. માર્ગ અકસ્માતમાં સિરમૌરમાં ૧૯, શિમલામાં ૧૯, ચંબામાં ૧૭, કાંગડામાં ૧૭, ઉનામાં ૧૮ અને કુલ્લુમાં ૧૬ લોકો મૃત્યુ પામ્યા છે.

સતત વરસાદને કારણે, શિમલા-કાલકા શોર્ટ લાઈન પર દોડતી ૧૦ ટ્રેનો રદ કરવામાં આવી છે. સોલન જિલ્લામાં રેલ્વે ટ્રેકનો એક ભાગ કાદવ ભૂસ્ખલનથી તણાઈ ગયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે કોટી અને ગુમ્મન રેલ્વે સ્ટેશનો વચ્ચે કાદવ ધસી પડવાથી ટ્રેકનો એક ભાગ હવામાં અટકી ગયો હતો, અને તેને ટેકો મળ્યો ન હતો. તેના જવાબમાં, રેલ્વેએ શનિવાર રાતથી આ રૂટ પર ટોય ટ્રેન સેવા સ્થગિત કરી દીધી હતી.

# છોટીકાશી જામનગરમાં શ્રાવણના ત્રીજા સોમવારે શિવ મંદિરોમાં શૃંગાર-અન્નકોટ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : છોટીકાશી જામનગરમાં પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવાલયોમાં ભક્તિ અને આસ્થાનો માહોલ જોવા મળ્યો હતો. શહેરના પ્રાચીન મહાદેવ મંદિરોમાં ભગવાન શિવને વિવિધ સ્વરૂપોના અલૌકિક શણગાર કરવામાં આવ્યા હતા, જ્યારે અનેક મંદિરોમાં થાળ અને અન્નકૂટ ધરાવવામાં આવ્યા હતા. શહેરના હવાઈચોક સ્થિત વૈજનાથ મહાદેવ મંદિરમાં અમરનાથ શિવલિંગનો શણગાર અને અન્નકૂટ, જ્યારે હાટકેશ્વર મહાદેવ મંદિરમાં ફૂલોનો વિશેષ શણગાર અને થાળ ધરવામાં આવ્યો હતો. જયંત સોસાયટીના સોમનાથ મહાદેવ મંદિરે જંગલેશ્વર સ્વરૂપ, તેમજ ગાંધીનગરના ઈચ્છેશ્વર મહાદેવ મંદિરે ચંદ્રમોલેશ્વર સ્વરૂપના દિવ્ય દર્શન કરાવવામાં આવ્યા હતા. પટેલ કોલોની-૯ સ્થિત જડેશ્વર મહાદેવ મંદિરમાં ગંગેશ્વર સ્વરૂપનો શણગાર, પ્રતાપેશ્વર મહાદેવ મંદિરમાં આકર્ષક શણગાર તથા ત્રણ દરવાજા નજીકના વિશ્વ વિખ્યાત કાશી વિશ્વનાથ મંદિરમાં પણ વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. વિવિધ શિવાલયોમાં દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ભક્તોએ મોડી રાત સુધી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## દ્વારકા જિલ્લામાં સોનુ ચમકાવી દેવાના બહાને છેતરપિંડી આચરતા ચાર શખ્સ ઝડપાયા



દ્વારકા : દ્વારકા જિલ્લાના અલગ-અલગ ગામડામાં સોનુ - ચાંદી સાફ કરવાના બહાને છેતરપિંડી આચરતી બિહારી ગેંગના ચાર શખ્સને જિલ્લાની એલસીબી પોલીસે દબોચી લઈ તેઓ પાસેથી કુલમળી રૂ. ૮૯ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી માટે ઝડપાયેલા શખ્સોને ખંભાળિયા પોલીસમાં સોંપી દેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના લાંબા અને રાવલ ગામે ફિનાઈલ વેચવાના બહાને સોનુ, ચાંદી, ભગવાનની મૂર્તિ સાફ કરવાનું જણાવી ઘરે કોઈ પુરુષ હાજર ન હોય ત્યારે મહિલાઓને વિશ્વાસમાં લઈ તેઓના દાગીના એસિડ વડે સાફ કરી અને સોનુ કાઢી લઈ જઈ છેતરપિંડી આચરતા અજાણ્યા શખ્સો સામે સ્થાનિક પોલીસ દફતરે બે અલગ - અલગ ફરિયાદ નોંધાઈ હતી ત્યારબાદ એલસીબી પોલીસે તપાસમા ઝંપલાવી હ્યુમન સોર્સ અને ટેકનિકલ લેવલની મદદથી ગુન્હાનો ભેદ ઉકેલી ખંભાળિયા શહેરમાં મિલન ચાર રસ્તા પાસેથી બિહારી ગેંગના સુબોધસિંગ હિયાલાલ સિંગ, વિકાસકુમાર બિદેશ્વરપ્રસાદ ઠાકુર, સંતોષકુમારસિંહ સુબોધપ્રતાપસિંહ કુશવા અને અનિરુદ્ધ દિનેશભાઈ ઠાકુર નામના ચાર શખ્સને ઝડપી લઇ તેઓ પાસેથી રૂ. ૭૫૦૦ ની કિંમતનો સોનાનો ઢાળ, રૂ. ૪ હજાર ની કિંમતનો ચાંદીનો ઢાળ, રૂ. ૧૭ હજારની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન અને રૂ. ૪૦ હજારની કિંમતના મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૮૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં બિહારી ગેંગના આ શખ્સો ગામડામાં જઈ વૃદ્ધ મહિલાઓ જે ઘરે હોઈ તેને ટાર્ગેટ બનાવી ઘરમાં જઈ પ્રથમ ફિનાઈલ વેચવાના બહાને પ્રવેશ કરતા બાદ મહિલાઓને વિશ્વાસમાં લઈ સોનુ, ચાંદી અને ભગવાનની મૂર્તિ સાફ કરવાનું જણાવી સોનુ કાઢી લેતા બાદ સોના - ચાંદી ઉપર એસિડ નાખી હળદર લગાવી ચમકાવી છેતરપિંડી આચરતા આ ચારેય શખ્સને આગળની કાર્યવાહી માટે ખંભાળિયા પોલીસ દફતરે સોંપી દેવામાં આવતા સ્થાનિક પોલીસે આગળની તજવીજ આદરી છે.

## દ્વારકાના નાગેશ્વર રોડ પર બે બાઈકની ટકકરમાં વીજ કર્મચારીનું ઘટનાસ્થળે મૃત્યુ



દ્વારકા : દ્વારકા જિલ્લાના નાગેશ્વર રોડ પર બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં પી. જી. વી. સી. એલ. ના કર્મચારીનું શરીરે માથાના ભાગમાં ગંભીર ઈજા પહોચતા ઘટનાસ્થળે કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના પત્નિની ફરિયાદ પરથી અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજીતરફ અન્ય કર્મચારીગણમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે તેમજ પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

આ બનાવની મળતી માહિતી પ્રમાણે દ્વારકા શહેરમાં સનાતન આશ્રમની પાછળ રહેતા અને પી.જી.વી.સી.એલ.માં ફરજ બજાવતા ડીપુભા તેજાભા નાયાણી ગઈકાલે નાગેશ્વર રોડ પર આવેલ નવ માળીયા પાસેથી પોતાનું જી.જે.૩૭. એચ. ૮૭૪૧ નંબરનું મોટરસાયકલ ચલાવી નોકરી ઉપર જતા હોય દરમિયાન નાગેશ્વર રોડ ઉપર ચડવા જતા રામેશ્વર ફાટક તરફથી એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે, બેફિકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત સર્જતા ડીપુભા નાયાણીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવની જાણ થતા દ્વારકા પોલીસ મથકના પી. એસ. આઈ. એન.એચ. ગોહિલ સહિતનો પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને મૃતકના પત્નિ ગૌરીબેનની ફરિયાદ પરથી અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે .બીજીબાજુ મૃતકના સગા - સંબંધીઓ પણ સ્થળપર અને હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા જ્યાં વાતાવરણમાં ભારે ગમગીની પ્રસરી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, નાગેશ્વર રોડ પર હાઈવે વચ્ચે નાખવામાં આવેલ ઊંચા ગ્રીન ડિવાઈડરના કારણે હાઈવે રોડની બીજી તરફનો ટ્રાફિક બ્લાઈન્ડ વ્યુ બની જતા રોડ ક્રોસિંગ કરનારાઓ માટે આફતનું કારણ બન્યું છે.

આ અંગે લગત તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કામગીરી નહીં થતાં અવારનવાર નાના - મોટા અકસ્માતોનો લોકો ભોગ બની રહ્યા છે. ત્યારે ડિવાઈડર પરના હાઈલાઈટર દૂર કરી સમસ્યાનું નિરાકરણ લાવવા સ્થાનિકોની માંગ ઉઠવા પામી છે.

## દ્વારકામાં જમીનના પ્રશ્ને બે કૌટુંબિક ભાઈઓનો પરિવાર પર પાઈપ અને ધોકાથી હુમલો

દ્વારકા : દ્વારકા શહેરમાં આધેડ અને તેના પરિવારને જમીનના પ્રશ્ને બે કૌટુંબિક ભાઈઓએ લાકડાના ધોકા અને લોખંડના પાઈપથી ફટકારી ઈજા કરી પતાવી દેવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા શહેરમાં ભથાણ ચોક ખાતે રહેતા હરજીભાઈ દેવશીભાઈ નકુમ નામના ૪૮ વર્ષના આધેડ અને તેઓના પત્નિ તથા પુત્રાને પરસોતમ ગોવિંદભાઈ નકુમ અને લાલજીભાઈ ગોવિંદભાઈ નકુમ નામના બે શખ્સે લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે ફટકારી તેમના ઢીકાપાટુનો મારમારી મુંઢ ઈજાઓ કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા બન્ને ભાઈ સામે હરજીભાઈ નકુમે દ્વારકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા હે. કો. બી. જી. માણેક આગળની તપાસ ચલાવી રહ્યા છે. હુમલાનો ભોગ બનનાર હરજીભાઈ નકુમની ખેતીની જમીનનો જે તે સમયે વડીલોએ ભાગ પાડ્યો હોઈ અને હાલ જમીનની કિંમત વધી ગઈ હોઈ જેથી બન્ને શખ્સે જમીનમાંથી પાંચ વીઘા જોતી હોઈ જેની ના પાડતા ડખ્ખો થયો હતો.

## જામનગરમાં યોજાનારા શ્રાવણી મેળા સામે સિવિલ કોર્ટમાં હવે આજે સુનાવણી થશે

જામનગર : જામનગર શહેરના પ્રદર્શન મેદાન ખાતે આજ તા. ૧-૯ થી યોજાનારા લોકમેળાના આયોજનમાં ચાલી રહેલી ગંભીર વહીવટી બેદરકારી સામે પ્રિન્સિપાલ સિવિલ કોર્ટમાં સામાજિક કાર્યકર કલ્પેશભાઈ આશાણી દ્વારા દાખલ કરવામાં આવેલા રેગ્યુલર દીવાની અરજીને અદાલતે ગ્રાહ્ય રાખી, સરકારી ખાતાને આપેલ નોટિસ પિરિયડ તાત્કાલિક માફ (Waive) કરીને તમામને કારણ દર્શક નોટિસ ફટકારી હતી. જેમાં સુનવણી માટે પ્રથમ તા. ૨૯ હતી. ત્યારે ૩૧ના દલીલો થયા બાદ વધુ એક વખત મુદત પડી છે અને હવે આજ મંગળવારે સુનાવણી કરવામાં આવશે.

વાદી કલ્પેશભાઈ આશાણીએ તેમના એડવોકેટ મારફતે અદાલત સમક્ષ સજ્જડ દસ્તાવેજી પુરાવાઓ સાથે રજૂઆત કરી છે કે મંજૂરી વિના ગેરકાયદેસર ટેન્ડરિંગ, પ્રદર્શન મેદાન સરકારી માલિકીનું હોઈ, પ્રાંત અધિકારી (શહેર) ના ૧ ઓગસ્ટ ના પત્ર મુજબ જમીન ફાળવણીની પ્રક્રિયા હજી વહીવટી વિચારણા હેઠળ છે. આમ છતાં, જામનગર મહાનગરપાલિકાએ કાયદાને નેવે મૂકીને સત્તાવાર જમીન ફાળવણી પહેલાં જ ૩૧ જુલાઈએ ટેન્ડર બહાર પાડી વેપારીઓ પાસેથી લાખો રૂપિયાની વસૂલાત શરૂ કરી દીધી છે.

મેળો યોજવા માટે લાલ બંગલોથી સાત રસ્તા સુધીનો મુખ્ય હાઈવે બંધ કરવાની સત્તા જામનગર મહાનગરપાલિકા પાસે નથી. મોટર વ્હીકલ એક્ટની કલમ મુજબ, પૂરતી પાર્કિંગ વ્યવસ્થા વિના અને ટ્રાફિક પોલીસ/કલેક્ટરની સત્તાવાર મંજૂરી વિના રસ્તાઓ બંધ કરી શકાય નહીં. પ્રદર્શન મેદાન ખાતે લાખોની મેદની માટે પાર્કિંગની કોઈ વ્યવસ્થા નથી, જેનાથી કટોકટીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ પણ ફસાઈ જશે.

મેદાનના ૩૦ ટકા ભાગમાં એસ.ટી. બસ ડેપો કાર્યરત છે. બાકીની સાંકડી જગ્યામાં વર્ષ ૨૦૨૪ ની ગુજરાત સરકારની કડક રાઈડ્સ સેફ્ટી એસઓપીનું પાલન કરવું અશક્ય છે. નજીકમાં જ જજીસ બંગલો, શાળાઓ અને કોર્ટ આવેલી હોઈ આ આયોજન જામનગરની જનતા માટે જીવતું જોખમ છે.

સિવિલ કોર્ટે કેસની ગંભીરતા જોઈને તમામ વહીવટી વડાઓને નોટિસ પાઠવી તારીખ ૨૯ ઓગસ્ટે અદાલતમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો હતો. જેમાં સરકાર, જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેક્ટર), જિલ્લા પોલીસ વડા, મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન (સ્ટેન્ડિંગ કમિટી), પ્રાંત અધિકારી (શહેર), અને મામલતદાર (શહેર), નો સમાવેશ થાય છે.

આ કેસમાં વાદી તરફથી પ્રદર્શન મેદાન પર યોજાનારા મેળા, પ્લોટ ફાળવણી અને ગેરકાયદેસર ટેન્ડર પ્રક્રિયા પર તાત્કાલિક વચગાળાનો મનાઈહુકમ મેળવવા માંગણી કરાઈ છે. તેમજ આ લોકમેળો શહેર વિસ્તાર બહાર વિશાળ જગ્યાએ યોજાય અને એસઓપીનુ પાલન કરી શકાય. ગઈકાલ સોમવાર તા. ૩૧/૮ના રોજ આ અંગે અદાલતમાં કાનૂની દલીલો હાથ ધરવામાં આવી હતી અને વધુ સુનવણી આજ તા.૧ ને મંગળવારે રાખવામાં આવી છે.

## ધ્રોલના લતીપર ગામની સીમમાં ઝેરી દવાની અસરથી બાળકીનું મોત

ધ્રોલ : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામની સીમમાં ખેતરમાં રમતી ૧૨ વર્ષીય બાળકી દ્વારા ભૂલથી ઝેરી દવા ભરેલા ડબલામાંથી પાણી પી લેતાં ઝેરી અસર થવાથી તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, ધ્રોલ તાલુકન્સ લતીપર ગામની સીમમાં હિતેષભાઈ પાંચાભાઈ રામાણીની વાડીમાં રહેતા દિનેશભાઈ બાંભણીયા અને તેમની પત્ની મગફળીના પાકમાં નિંદામણનું કામ કરતા હતા. તા.૨૮ ઓગસ્ટના રોજ સવારે તેમની ૧૨ વર્ષીય પુત્રી સેમ્પા તથા અન્ય નાના બાળકો ઓરડી પાસે રમતા હતા. તે દરમિયાન સેમ્પાએ ભૂલથી ઝેરી દવા ભરેલા ડબલામાંથી પાણી પી લેતાં ઝેરી અસર થઈ હતી. જેથી

બાળકીને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે મૃતક બાળકીના પિતા ડીનેશભાઈએ ધ્રોલ પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં કચરો ફેંકવાના પ્રશ્ને પાડોશીઓ વચ્ચે સામસામે મારામારી

### લોખંડના પાઈપ અને ધોકાથી હુમલામાં માતા-પુત્રી અને યુવક સહિત ચાર ઘાયલ, બંને પક્ષની ફરિયાદ

જામનગર : જામનગરના ખોજાનાકા વિસ્તારમાં રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં ઘરની બહાર કચરો ફેંકવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે થયેલો બોલાચાલીનો મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. બંને પક્ષે સામસામે હુમલો કરવામાં આવતા માતા-પુત્રી અને યુવક સહિત ચાર વ્યક્તિને ઈજા પહોંચી છે. બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

પ્રથમ ફરિયાદમાં સિરિનબેન મહમદભાઈ હમીરાણીના જણાવ્યા મુજબ, તેમના ઘર પાસે કચરો પડેલો હોવાથી પાડોશમાં રહેતા હનીફભાઈ સમાણીએ તેમની માતા રસીદાબેનને કચરો ઉપાડી લેવા કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન સિરિનબેન સમજાવવા જતાં તેમને પણ ગાળો આપવામાં આવી હતી. બાદમાં હનીફભાઈની પત્ની બાનુબેન અને પુત્ર મોસીન ત્યાં આવી પહોંચ્યા હતા અને મોસીનના હાથમાં લોખંડનો પાઈપ હતો. જેમાં મોસીન સાથે ઝપાઝપી દરમિયાન તેણે પાઈપનો એક ઘા સિરિનબેનને માર્યો હતો. જ્યારે બાનુબેને તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો. રસીદાબેન વચ્ચે પડતાં મોસીને પાઈપના ઘા તેમને પણ મારતા હોસ્પિટલ ખસેડાયા હતા.

બીજી તરફ મોસીનભાઈ હનીફભાઈ સમાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ઘરની બહાર કચરો ફેંકવાના મુદ્દે તેમના પિતાએ પાડોશમાં રહેતા રશીદાબેનને કચરો નહી ફેંકવા કહેતાં રશીદાબેને તેમના પિતા સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. મોસીનભાઈ તથા તેમના માતા બાનુબેન બહાર આવતાં રશીદાબેનની પુત્રી સિરિનબેન પણ હાથમાં લાકડાનો ધોકો લઈને આવી હતી. બંને મહિલાઓએ ગાળો આપી તેમની માતા સાથે ઝપાઝપી કરતાં મોસીનભાઈ વચ્ચે પડતા

સિરિનબેને લાકડાના ધોકાથી મોસીનભાઈના માથામાં ઘા માર્યો હતો અને ત્યારબાદ બંને મહિલાઓએ તેમને ઢીકાપાટુનો માર મારી માથા તથા શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી તેમજ સિરિનબેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મોસીનભાઈને જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવમાં બંને પક્ષે હુમલો કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ત્રણ મહિલા સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ધુતારપર ગામે મકાનમાંથી રૂ.૧.૬૫ લાખની રોકડ ભરેલી પેટી તસ્કરો ઉઠાવી ગયા

જામનગર : જામનગર તાલુકાના ધુતારપર ગામે મોડી રાત્રે મકાનમાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી પતરાની પેટીમાં રાખેલી રૂ.૧.૬૫ લાખની રોકડની ચોરી કરી નાસી ગયા હતા. આ બનાવની જાણ પોલીસને થતા ઘટનાસ્થળે દોડી જઈ તપાસ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર તાલુકાના ધુતારપર ગામે રહેતા ૬૦ વર્ષીય મનજીભાઈ જગશીભાઈ વાઘેલા માલ-ઢોરની લે-વેચનો વ્યવસાય કરે છે. તેઓના રહેણાંક મકાનમાં ગઈકાલે રાત્રીના ચોર ઈસમો ઘુસ્યા હતા અને મકાનના રૂમમાં રાખેલી પતરાની પેટી, જેમાં રૂ.૧,૬૫,૦૦૦ની રોકડ રકમ રાખી હતી, તે ચોરી કરી નાસી છૂટ્યો હતો.

આ બનાવ અંગે મનજીભાઈ વાઘેલાએ ફરિયાદ નોંધાવતા પંચ-એ ડિવિઝન પોલીસે અજાણ્યા શખ્સો સામે કલમ ૩૦૫ તથા ૩૩૧(૪) મુજબ ગુનો નોંધાયો છે. બનાવની તપાસ પો.સબ.ઈન્સ્પેક્ટર એ.આર. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં હોટેલ-રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનોમાં ફૂડ શાખાનું ચેકીંગ

### ૩૫૩ કિલો વાસી ખોરાકનો સ્થળ પર નાશ કરાયોઃ ૧૪૭ કિલો પ્રિન્ટેડ પસ્તી કબ્જે કરાઈ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં હેલ્ધી અને હાઈજેનિક ફૂડ મળી રહે તેમજ ફાસ્ટ ફૂડ, રેકડીઓમાં વપરાતા ખાદ્ય તેલ, પ્રિન્ટેડ પસ્તી તથા હોટેલ-રેસ્ટોરન્ટમાં વાસી ખાદ્યપદાર્થોના ઉપયોગ અંગે જામનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા હાથ ધરાયેલી તપાસ હાથ ધરાઈ હતી.

મનપાના કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ વિવિધ વિસ્તારોમાં કરવામાં આવેલી તપાસ દરમિયાન કુલ ૧૫૨ પેઢીઓની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં અનહાઈજેનિક સ્થિતિમાં મળી આવેલ કુલ ૩૫૩ કિલો વાસી જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક્સપાયરી ડેટવાળા પાંચ પેકેટ તથા ૧૪૭ કિલો પ્રિન્ટેડ પસ્તીનો પણ નાશ કરવામાં આવ્યો હતો.

મનપાના ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા ગોકુલનગર, જકાતનાકા, જનતા ફાટક, વિરલ બાગ, જોગર્સ પાર્ક, હોસ્પિટલ રોડ, જૂના રેલવે સ્ટેશન, ખંભાળિયા ગેઈટ, ખોડિયાર કોલોની, પટેલ કોલોની, વિકાસગૃહ રોડ, લીમડા લાઈન, શરુ સેક્શન રોડ, પી.એન. માર્ગ, બર્ધન ચોક, સેન્ટ્રલ બેંક, બેડી-ઢીચડા રોડ, દિગ્જામ સર્કલથી સમર્પણ સર્કલ સુધીના વિસ્તાર ઉપરાંત ગુલાબનગર, રાજપાર્ક, લાલવાડી અને હાપા સહિતના વિસ્તારોમાં આવેલા ખાદ્ય ધંધાના એકમોની તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન અનહાઈજેનિક પ્રેક્ટિસ તથા વાસી ફૂડ મળી આવતા કુલ ૧૪ પેઢીઓને રૂ.૨૨,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. ફૂડ સેફ્ટી ટીમ દ્વારા તપાસ દરમિયાન કુલ ૧૩૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા, જે ઢીચડા ખાતે તપાસ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે વધુ સાત નમૂનાઓ વડોદરા ખાતે ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. આ નમૂનાઓના રિપોર્ટ આવ્યા બાદ FSSAIના નિયમો મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવનાર છે.

આ ઉપરાંત એક ડેરીમાંથી લેવામાં આવેલ દહીંનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં એડજ્યુડિકેટિંગ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે એક પ્રીમાઈસીસમાં FSSAIના જરૂરી લાયસન્સ વિના ધંધો કરતા હોવાનું જણાતા નિયમ મુજબ ગુનો દાખલ કરી એડજ્યુડિકેટિંગ કોર્ટમાં કેસ કરવામાં આવ્યો છે. જામનગર શહેરની વિવિધ શાળાઓ તેમજ શાળાઓની આસપાસના વિસ્તારોમાં પણ તપાસ હાથ ધરી પાણી તથા ખાદ્યપદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા છે અને પૃથ્થકરણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરી, ઢીંચડા ખાતે મોકલવામાં આવ્યા છે.

## નાનીખાવડી પાસે ડમ્પરની ટક્કરે બાઈક સવાર દંપતી-પુત્રી ઘવાયા

જામનગર : સિક્કા નજીક નાની ખાવડી ગામની ગોળાઈ પાસે પાછળથી પૂરઝડપે આવેલા ડમ્પરે બાઇકને ટક્કર મારતાં તેમાં સવાર દંપતી અને તેમની પુત્રીને ઈજા પહોંચી હતી. જેમાં મહિલાને હાથમાં ફ્રેક્ચર જ્યારે પુત્રીને બંને પગમાં ગંભીર ઈજા થતાં અમદાવાદની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ સિક્કા ખાતે રહેતા પોલીસમાં પ્રેમજીભાઈ ગોવિંદભાઈ નકુમ (૫૦) તા.૩૦ના તેઓ પત્ની રેખાબેન અને પુત્રી જયશ્રીબેન સાથે મોટીખાવડીથી પોતાના ઘરે સિક્કા તરફ બાઈક પર પરત ફરી રહ્યા હતા. બાઈક પ્રેમજીભાઈ ચલાવતા હતા અને પાછળ પત્ની તથા પુત્રી બેઠાં હતાં. નાની ખાવડી ગામની ગોળાઈ પાસે પહોંચતા પાછળથી આવેલા ડમ્પરના ચાલકે તેમની બાઈકને ટક્કર મારતાં ત્રણેય રોડ પર પટકાયા હતા.

જેમાં પ્રેમજીભાઈને જમણા ખભાના ભાગે મુંઢ ઈજા થઈ હતી, જ્યારે રેખાબેનને જમણા હાથના કાંડા ઉપરના ભાગે ફ્રેક્ચર થયું હતું. પુત્રી જયશ્રીબેનને બંને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલકે જ ઈમરજન્સી સેવાને જાણ કરતાં ત્રણેયને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રેખાબેનને ફ્રેક્ચરની ઈજાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પુત્રી જયશ્રીબેનને બંને પગમાં ગંભીર ઈજા હોવાથી રાત્રે જ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અને ત્યારબાદ દિવ્યમ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી,

આ બનાવ અંગે પ્રેમજીભાઈ નકુમે ફરિયાદ નોંધાવતા પોલીસે ડમ્પર નંબર જીજે-૦૩-બી.ડબલ્યુ.-૧૮૫૧ ના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.